*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com


Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 दंसणमूलो धम्मो 卐

[ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે ]




## સમ્યગ્દર્શનના આરોહણનો દિવ્ય સંદેશ

આજે માગશર વદ ૮ ના રોજ ભગવાન શ્રી કુંદકુંદદેવનો આચાર્ય-પદારોહણનો પાવન દિવસ છે, અને કુદરતી ક્રમે આજે વીતરાગી જૈનદર્શનના પ્રાણ સમી સમયસારની ૧૧મી ગાથામાં સમ્યગ્દર્શન-આરોહણનો કાળ કેવો હોય તેની વાત આવી છે. આ સમયસારમાં પરમ અધ્યાત્મની ગહન વાત છે. ભગવાન તીર્થંકર જિનેન્દ્રના મુખકમળમાંથી નીકળેલી વાણીને શ્રી કુંદકુંદ-આચાર્યે જગત સમક્ષ જાહેર કરી છે. જન્મ-મરણના અંત આવે એવા અમૃતસાગરની વાત છે. ભગવાન આત્મા જ્ઞાનામૃતના સાગરથી ભરેલો છે, તેની આ વાત છે. શુદ્ધનય એક જ, વસ્તુને સત્યરૂપે પ્રગટ કરતો હોવાથી સત્યાર્થ છે, ભૂતાર્થ છે. વ્યવહારનય બધોય, જૂઠા અર્થને પ્રગટ કરતો હોવાથી અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. સ્થૂલ અને સૂક્ષ્મ રાગ તે આત્મા, રાગને જાણે તે આત્મા, જ્ઞાન તે આત્મા એમ ચારેય પ્રકારના વ્યવહારનયો અભેદ આત્મામાં નહીં હોવાથી અને જૂઠા અર્થને પ્રગટ કરતા હોવાથી અસત્યાર્થ છે. ત્રિકાળી શુદ્ધ અભેદ ભગવાન આત્મા કે જે સદાય વિદ્યમાન છે, પ્રગટ છે, તેને શુદ્ધનય એક જ પ્રગટ કરતો હોવાથી-બતાવતો હોવાથી તે ભૂતાર્થ છે. આવા ભૂતાર્થસ્વભાવના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પહેલી ગાથામાં સિદ્ધપણાની સ્થાપના કરાવી, છઠ્ઠી ગાથામાં સિદ્ધપણું પામવાના છઠ્ઠીના લેખ લખાયા અને આ અગિયારમી ગાથામાં સિદ્ધ થવાનું સાક્ષાત્ કારણ એવા ભૂતાર્થ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવનો આશ્રય કરાવ્યો.


તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૨, પોષ ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૩ઃ અંક ૩

## શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ; વ્યવહારના પક્ષનું ફળ સંસાર.

પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિનો જ છે અને તેઓ પરસ્પર વ્યવહારનો ઉપદેશ પણ કરે છે, અને જિનવાણીમાં પણ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબરૂપ જાણી તેનો ઉપદેશ બહુ કર્યો છે; પણ તેનું ફળ સંસાર જ છે. જેમ કે; જ્ઞાનથી મોક્ષ થાય છે, ત્યાં નીચલી દશામાં સાથે રાગની મંદતાનો વિકલ્પરૂપ વ્યવહાર હોય છે તેથી ક્રિયાથી મોક્ષ થાય છે એમ વ્યવહારથી શાસ્ત્રમાં કહ્યું છે. મુનિને શ્રાવક આહાર આપે છે, આહાર શરીર ટકવામાં નિમિત્ત અને શરીર સંયમમાં નિમિત્ત છે; સંયમથી મુનિ મોક્ષ સાધે છે, તેથી મુનિને આહારદાન દેવાથી શ્રાવકે મુનિને મોક્ષ આપ્યો–એમ ઉપચાર–પરંપરાથી કહેવામાં આવે છે. પૂજા, ભક્તિ, વાત્સલ્ય, પ્રભાવના આદિ શુભરાગ શ્રાવકને પરંપરાએ મોક્ષનું કારણ શાસ્ત્રમાં કહ્યું છે; વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે, એવું કથન શાસ્ત્રમાં આવે છે; કેવળી–શ્રુતકેવળીના પાદમૂલે જ ક્ષાયિક સમ્યગ્દર્શન થવાનું કહ્યું છે. સત્‌સંગથી, જિનવાણીથી, ગુરુથી, જિનપ્રતિમાથી, દેવઋદ્ધિદર્શનથી, નારકીને વેદનાથી સમ્યગ્દર્શન થવાનું શાસ્ત્રમાં કથન આવે છે. વ્યવહારથી નિશ્ચય ધર્મ પ્રગટે છે એમ વ્યવહારને શુદ્ધનયનો હસ્તાવલંબ–સહાયક જાણીને અનેક પ્રકારનાં વ્યવહારનાં કથનો શાસ્ત્રમાં આવે છે, પણ જો તેને પરમાર્થ માની લે તો તેનું ફળ સંસાર જ છે, કેમ કે જે કોઈ વ્યવહાર છે તે બધો શુભરાગરૂપ હોવાથી તેના આશ્રયથી સંસાર જ ફળે છે. શુદ્ધનયનો પક્ષ તો પ્રાણીઓને કદી આવ્યો નથી ને તેનો ઉપદેશ પણ વિરલ છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ કર્યો છે કે "હે જીવો! શુદ્ધનય એક જ ભૂતાર્થ, સત્યાર્થ છે અને તેના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. માટે તમે શુદ્ધનયને જ અંગીકાર કરો."

પ્રશ્નઃ– વ્યવહારનું ફળ સંસાર છે, તો સંસાર ફળે એવા વ્યવહારનો ઉપદેશ જિનવાણી કેમ આપે છે?

ઉત્તરઃ– વ્યવહાર વિના પરમાર્થનું સમજાવવું અશક્ય હોવાથી વ્યવહાર દ્વારા એટલે કે 'જ્ઞાન તે આત્મા'–એમ અભેદમાં ભેદ ઉપજાવીને વ્યવહારી જનને વ્યવહાર વડે સમજાવતાં તે પાત્ર શિષ્ય પરમાર્થરૂપ આત્માને સમજી જતો હોવાથી શાસ્ત્રમાં વ્યવહારનો ઉપદેશ આપવામાં આવે છે. પરંતુ તે વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, આદરવા યોગ્ય નથી, ઉપાદેયરૂપ નથી.

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૩

વીર સં. ૨૫૦૨
: પોષ :
A.D. 1976
JANUARY

# છઠ્ઠીના લેખઃ નિકટવર્તી મુક્તિ

એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? જેને જાણવાથી ભવભ્રમણ મટે અને મોક્ષ થાય એવા આત્માને જાણવાની જેને જિજ્ઞાસા થઈ છે તેવા જિજ્ઞાસુ શિષ્યને ઉત્તરરૂપે સમયસારની આ છઠ્ઠી ગાથા કહી છે. આ ગાથા તો 'છઠ્ઠીના લેખ' છે. જેને ભવભ્રમણનો ત્રાસ લાગ્યો છે, તેનાથી જે છૂટવા ઝંખે છે તથા મોક્ષ પામવાની જેને લગન લાગી છે એવા જિજ્ઞાસુ શિષ્યને શ્રીગુરુના ઉપદેશથી એટલો તો નિર્ણય થયો છે કે મોક્ષનું સાધન એક માત્ર મારો શુદ્ધાત્મા જ છે. પણ તે શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે તે જાણવા જિજ્ઞાસુભાવે શિષ્ય એમ પૂછે છે કે શુદ્ધ આત્મા કોણ છે?–કેવો છે? –કે જે જાણવાથી ભવભ્રમણ મટે? તેને શ્રીગુરુ આ ગાથા દ્વારા શુદ્ધ આત્મા દેખાડે છે.

*** ( તા. ૧૩-૧૨-૭૫ થી તા. ૧૬-૧૨-૭૫ ના પ્રવચનમાંથી ) ***

**નથી અપ્રમત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. . ૬.**

આત્માનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાયક 'ભાવ' છે તે પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. ચૈતન્ય, સમજણનો પિંડ એવો જે જ્ઞાયક 'ભાવ' તે પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. ચૌદ ગુણસ્થાનોની પર્યાયો તેમાં નથી. ૧ થી ૬ ગુણસ્થાનો તે પ્રમત્તદશા છે અને ૭ થી ૧૪ ગુણસ્થાનો તે અપ્રમત્ત દશા છે, તે પર્યાયો છે જે જ્ઞાયકભાવમાં નથી. ચૌદગુણસ્થાનો અશુદ્ધનયનું કથન છે, ને ભગવાન આત્મા પ્રમત્ત કે અપ્રમત્ત નથી એ

શુદ્ધનયનું કથન છે. શુદ્ધનયનો વિષય કહો કે જ્ઞાયકભાવ કહો–બંનેનો એક જ અર્થ છે. જેના ઉપર નજર કરવાની છે, જેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે તે જ્ઞાયકભાવ છે; તેમાં પ્રમત્ત કે અપ્રમત્ત કોઇ પણ પર્યાયો નથી, જુઓ, દ્રષ્ટિનો વિષય જે જ્ઞાયકભાવ તેમાં પ્રમત્ત –અપ્રમત્ત પર્યાયો નથી, ત્યારે કઈ પર્યાય તેનામાં બાકી રહી ગઈ! એ રીતે પ્રમત્ત–અપ્રમત્ત પર્યાયો રહિત જ્ઞાયકભાવને 'શુદ્ધ' કહેવાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ કે જેમાં ચૌદ ગુણસ્થાનોની પર્યાયો નથી એ ચીજને 'શુદ્ધ' કહેવાય છે.

જ્ઞાયકભાવ જેની પર્યાયમાં જણાયો તેને જ્ઞાયકભાવ શુદ્ધ છે. ભગવાન! તારું પૂરું રૂપ જ્ઞાયકભાવ છે; પરનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવમાં જ્યારે દ્રષ્ટિ ગઈ ત્યારે શુદ્ધ પરિણમન થયું, એ શુદ્ધ પરિણમનમાં જ્ઞાયકભાવ શુદ્ધ જણાયો ત્યારે તેને 'શુદ્ધ' કહેવાય. એકલું શુદ્ધ–શુદ્ધ કહે એમ નહીં પણ શુદ્ધરૂપે પરિણમન થાય ત્યારે 'શુદ્ધ' કહેવાય. પરદ્રવ્યના લક્ષને છોડીને જેણે જ્ઞાયકભાવની સેવા કરી, ઉપાસના કરી તેને તે ઉપાસનાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો અંશ પ્રગટયો; તે અંશે અંશીને જાણ્યો ત્યારે 'શુદ્ધ' કહેવાય.

પ્રમત્ત–અપ્રમત્ત નથી એનો અર્થ ક્ષાયિકાદિ ચારેય ભાવો પણ તેમાં નથી એમ આવી ગયું. તારું નિત્ય ધ્રુવસ્વરૂપ શુદ્ધ છે, પવિત્ર છે, એકરૂપ છે, સામાન્ય છે, પરમપારિણામિકભાવે છે, જ્ઞાયકભાવે છે, ધ્રુવભાવે છે, નિત્યભાવે છે, સદ્રશભાવે છે. પણ કોને? કે જેણે પરનું લક્ષ છોડીને જ્ઞાયકભાવની ઉપાસના કરી છે તેને તે જ્ઞાયકભાવે છે, તેને તે શુદ્ધ છે.

જ્ઞાયકભાવમાં દ્રષ્ટિ પડતાં જે શુદ્ધતા પ્રગટી અને શુદ્ધતામાં સ્વના અને પરના જ્ઞાનરૂપ પરિણમન થયું; ત્યાં પર જ્ઞેયો કર્તા છે એમ નથી ને પર જ્ઞેયનું જ્ઞાન કર્મ છે એમ પણ નથી. પોતાની જ્ઞાનની પર્યાય પરિણમી એનો કર્તા પોતે છે ને જાણનક્રિયારૂપે પરિણમન થયું તે તેનું કાર્ય છે.

આ છઠ્ઠીના લેખ છે. વિધાતા ચિદાનંદનો નાથ પોતે છે, તે પર્યાયમાં જણાયો એ વિધાતાએ (પોતે) લેખ લખ્યા કે હવે આ આત્માની થોડા કાળમાં મુક્તિ થવાની છે. છઠ્ઠીના લેખ પોતે જ લખનારો છે.

જ્ઞાયકભાવ પોતે પોતાથી જ હોવાપણે છે, સત્‌પણે અનાદિ સત્તાસ્વરૂપ છે, નવો થયો નથી કે નવું હોવાપણું નથી. અનાદિ સત્તારૂપ હોવાથી ઉત્પન્ન થયો નથી. ધ્રુવ

સ્વરૂપ છે તે કદી નાશ પામે તેમ પણ બનતું નથી, તેથી તેનો અંત નથી, અનંત છે. એ રીતે જ્ઞાયકભાવ અનાદિ–અનંત ધ્રુવસત્તા છે. પર્યાય તો વિનાશી છે, ભલે પછી કે કેવળજ્ઞાનની પણ પર્યાય હો, પરંતુ બીજે સમયે તેનો વ્યય–નાશ થાય છે, જ્યારે ભગવાન આત્મા તો અવિનાશી અનાદિ –અનંત જ્ઞાયકભાવ છે.

વળી તે નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી કાયમ પ્રકાશમાન છે, ને જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય એવી સ્પષ્ટ જ્યોતિ છે. પરની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાનમાં પોતાને પોતે જણાય એવી સ્પષ્ટ પ્રત્યક્ષ જ્યોતિ છે. પોતાના મતિ–શ્રુતજ્ઞાનની નિર્મળ પર્યાયમાં પ્રત્યક્ષ જણાય એવો જ્ઞાયકભાવ છે. પણ કોને ?–કે જેને જ્ઞાયકભાવ બેઠો છે તેને; જેને જ્ઞાયકભાવનો સ્વીકાર પર્યાયમાં આવ્યો છે તેને તે સ્પષ્ટ પ્રત્યક્ષ જણાય છે.

એવો તે જ્ઞાયકભાવ સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની અપેક્ષાથી પુદ્‌ગલકર્મો સાથે દૂધ ને પાણીની માફક એકરૂપ દેખાય છે; જેમ દૂધ ને પાણી બંને છે તો ભિન્ન જ, છતાં એકરૂપ દેખાય છે; તેમ ભગવાન આત્મા અને કર્મ એક ક્ષેત્રાવગાહે રહ્યા હોવા છતાં દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો, કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા શુભ–અશુભ ભાવો કે જે પુણ્ય–પાપનાં રજકણના બંધને ઉત્પન્ન કરનારા છે, તેમના સ્વભાવે જ્ઞાયકભાવ પરિણમતો જ નથી. જ્ઞાયકભાવ જડભાવરૂપ થતો જ નથી, કેમકે શુભાશુભભાવ પોતે પોતાને પણ જાણતા નથી ને પરને પણ જાણતો નથી, તે પરથી જણાય છે માટે અચેતન છે. તેમાં જ્ઞાનપણું નથી પણ જ્ઞાનના અભાવરૂપ ભાવપણું છે. તે રૂપે જ્ઞાયકભાવ થતો જ નથી. એકેન્દ્રિયને શુભાશુભભાવ છે પરંતુ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ એકેન્દ્રિય જીવનો જ્ઞાયકભાવ તે રૂપે થયો જ નથી. પંચમહાવ્રતાદિ શુભભાવરૂપે પણ જ્ઞાયકભાવ થતો જ નથી. જ્ઞાયકજ્યોતિ એવી ને એવી જ રહે છે, તે અચેતનરૂપ કેમ થાય ?

પ્રમત્ત–અપ્રમત્તપણે જ્ઞાયકભાવ કેમ નથી તેનું કારણ દર્શાવે છે કે જ્ઞાયકભાવ જ્ઞાનરસનો પિંડ છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે, સમ્યગ્દર્શનનું ધ્યેય છે; અને શુભાશુભભાવ તો અચેતનરૂપ છે, પ્રમત્ત–અપ્રમત્ત આદિ ૧૪ ગુણસ્થાનો અચેતનભાવ છે, તેથી જ્ઞાયકભાવ તે–રૂપે થતો જ નથી. આવી જ્ઞાયક સત્તાનો જેને સ્વીકાર આવ્યો–પ્રતીતિ થઈ તેના સંસારનો કિનારો આવી ગયો. જેણે જ્ઞાયકભાવને પર્યાયમાં પર્યાયથી પકડયો તેનો મોક્ષ થઈ ગયો.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારના પરભાવ કહ્યા છેઃ (૧) જડ કર્મના ઉદયભાવને, (૨)

શુભાશુભભાવને તથા (૩) ત્રિકાળી સ્વભાવના આશ્રયની અપેક્ષાએ નિર્મળ પર્યાયને પણ પરભાવ કહ્યો છે. અહીં જડકર્મના ઉદયભાવને પરભાવ કહ્યો છે, કારણ કે પરના લક્ષે રાગાદિ થાય છે. તે લક્ષ પરથી છૂટી જ્ઞાયકભાવમાં જાય છે ત્યાં રાગાદિનું લક્ષ છૂટી જાય છે. માટે અહીં સમસ્ત અન્યદ્રવ્યોથી ભિન્નપણે જ્ઞાયકભાવની ઉપાસના કરે ત્યારે તે 'શુદ્ધ' કહેવાય એમ કહ્યું છે.

શુદ્ધ કયારે કહેવાય?–કે નિત્ય ધ્રુવ જ્ઞાયકભાવનું લક્ષ કરીને પર્યાયમાં જેણે શુદ્ધતા પ્રગટ કરી છે, જ્ઞાયકભાવની પર્યાય દ્વારા જેણે સેવા–ઉપાસના કરી છે તેને તે 'શુદ્ધ' છે. અનાદિથી પરદ્રવ્યો તરફના લક્ષથી અશુદ્ધતા થતી હતી તે લક્ષ છૂટીને જ્ઞાયકભાવનું લક્ષ થતાં જેવો શુદ્ધ જ્ઞાયકભાવ છે તેવો પર્યાયમાં જણાય છે ત્યારે તે 'શુદ્ધ' છે.

અહીં પરદ્રવ્યોનું લક્ષ છોડાવ્યું છે. પરદ્રવ્યોનું લક્ષ છોડીને જ્યાં જ્ઞાયકભાવનું લક્ષ કરે છે ત્યાં વિકારી પર્યાય તેમ જ અવિકારી–નિર્મળ પર્યાયનું પણ લક્ષ છૂટીને દ્રષ્ટિ જ્ઞાયકભાવમાં અભેદ થાય છે. ત્યારે તેણે જ્ઞાયકભાવની ઉપાસના કરી કહેવાય છે.

દાહ્ય એટલે બળવા યોગ્ય પદાર્થ–લાકડાં આદિ પદાર્થ. અગ્નિ તેના આકારે થવાથી દહન કહેવાય છે, તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. લાકડાં આદિથી પરાધીન અગ્નિ નથી. અગ્નિ પોતે જ અગ્નિરૂપ પરિણમી ગઈ છે. બળવા યોગ્ય પદાર્થના આકારે અગ્નિ પરિણમે છે તોપણ તેના કારણે પરિણમી નથી. પોતાના કારણે તે આકારે અગ્નિ પરિણમી છે તેથી અગ્નિને દાહ્યકૃત અશુદ્ધતા નથી.

તેવી રીતે જાણવા યોગ્ય પદાર્થના આકારે–જ્ઞેયાકારે પરિણમવાથી આત્માને જ્ઞાયકપણું પ્રસિદ્ધ હોવા છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. શરીર, રાગાદિ જ્ઞેયોને જ્ઞાન જાણવા છતાં તે જ્ઞેયોને લીધે જ્ઞાન થાય તેવી પરાધીનતા તેને નથી. જ્ઞેયના કારણે જ્ઞાન થયું જ નથી તેથી જ્ઞેયાકારે થવા છતાં તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

જેમ દીપક ઘટપટાદિને પ્રકાશવામાં પણ દીપક જ છે અને પોતાને પ્રકાશવામાં પણ દીપક જ છે. તેમ પોતાની અવસ્થામાં પોતાના સ્વરૂપને જાણવા કાળે પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, અને જ્ઞેયોને જાણવા કાળે પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ત્રિકાળી જ્ઞાયક તો જ્ઞાયક જ છે, તે સ્વ–પરને જાણવાના કાળે પણ જ્ઞાયક જ છે.

વિશેષઃ– હવે શ્રી જયચંદજી પંડિત ભાવાર્થમાં ઘણો સરસ ખુલાસો કરે છે

કે અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે, ત્યાં જ્ઞાયકભાવ છે તે વિકારપણે થતો જ નથી. મૂળ દ્રવ્ય–જ્ઞાયકભાવ–તે રાગરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ મલિન થતો જ નથી. દ્રવ્યદ્રષ્ટિથી જોતાં દ્રવ્ય તો દ્રવ્ય જ છે, નિર્મળ જ છે, પરંતુ પર્યાયદ્રષ્ટિથી જોતાં તે મલિન દેખાય છે. પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિનપણું પર્યાયમાં થાય છે તેથી પર્યાયદ્રષ્ટિથી જોતાં તે મલિન જ દેખાય છે. દ્રવ્યદ્રષ્ટિથી દેખતાં જ્ઞાયકભાવ તો જ્ઞાયકપણે જ રહ્યો છે, તે કાંઈ જડરૂપે થયો જ નથી. આવી દ્રવ્યદ્રષ્ટિ–ત્રિકાળી જ્ઞાયકભાવની દ્રષ્ટિ–થવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

એ રીતે અહીં દ્રવ્યદ્રષ્ટિને પ્રધાન કરીને કહ્યું છે કે પ્રમત્ત–અપ્રમત્તરૂપે જ્ઞાયકભાવ થયો જ નથી. પ્રમત્ત–અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યોના સંયોગજનિત પર્યાયો છે. પરદ્રવ્યોના સંયોગના સદ્‌ભાવ ને અભાવજનિત તે પર્યાયો છે તેથી અશુદ્ધતા દ્રવ્યદ્રષ્ટિમાં ગૌણ છે. દ્રવ્યદ્રષ્ટિની મુખ્યતામાં તે અશુદ્ધતાને ગૌણ કરીને અભાવ છે તેમ કહ્યું છે; પણ પર્યાયમાં અશુદ્ધતા સર્વથા છે જ નહીં તેમ અભાવ કરીને અભાવ નથી; ગૌણ કરીને અભાવ કહેલ છે; તેથી તે અશુદ્ધતા વ્યવહાર છે, અભૂતાર્થ, અસત્યાર્થ ઉપચાર છે; માટે હેય છે.

જ્ઞાયકભાવ તો જ્ઞાયક છે. દ્રવ્યસ્વભાવ તો કાયમ જ્ઞાયક જ છે, તે કદી શુભાશુભભાવરૂપે થયો નથી. પર્યાયમાં અશુદ્ધતા છે પણ દ્રવ્યદ્રષ્ટિથી જોતાં અશુદ્ધતા ગૌણ છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવથી જોતાં અશુદ્ધતા તેનામાં નથી; તેથી પર્યાયની અશુદ્ધતા ગૌણ થઈ જાય છે. દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ છે જ, પણ દ્રવ્યદ્રષ્ટિમાં પણ અશુદ્ધતા નથી.

અહીં અશુદ્ધ પર્યાયની વાત છે. શુદ્ધ પર્યાય દ્રવ્યમાં નથી તેમ અહીં નથી કહેવું, કારણકે દ્રવ્યનો આશ્રય કરનાર શુદ્ધ પર્યાય છે. દ્રવ્યદ્રષ્ટિ તે પણ શુદ્ધ પર્યાય છે. તે શુદ્ધ પર્યાય ત્રિકાળી દ્રવ્યના આશ્રયે થઈ છે.

ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે, અભેદ છે, નિર્મળ પર્યાયના ભેળસેળ વિનાનું છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. તેથી તેવા દ્રવ્યની દ્રષ્ટિ કરતાં જે દ્રવ્યદ્રષ્ટિ થઈ તે પણ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે એમ કહ્યું છે. પરંતુ તેનો અર્થ એ નથી કે દ્રવ્યદ્રષ્ટિનો અર્થાત્ શુદ્ધ પર્યાયનો આશ્રય કરવો. ભૂતાર્થ એવા ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આશ્રયે જ દ્રવ્યદ્રષ્ટિ પ્રગટે છે; તેથી તે અપેક્ષાએ અહીં દ્રવ્યદ્રષ્ટિને પણ ભૂતાર્થ છે એમ કહ્યું છે.

જ્ઞાયક એવું નામ જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. રાગ, વિકારાદિ જેવાં જ્ઞેયો છે તેવું જ્ઞાન થાય છે તોપણ રાગને જાણતાં રાગકૃત, જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાયકને નથી. જેમ કોલસાનું પ્રતિબિંબ અરીસામાં પડવા છતાં અરીસામાં કોલસાની અશુદ્ધતા લાગી નથી તેમ.

જાણનારો તે હું છું પણ વર્ણાદિ જણાય છે તે હું નથી. જણાવા યોગ્ય પદાર્થનું જે જ્ઞાન થાય છે તે જાણનારો હું જ છું, અન્ય કોઈ નથી – એમ પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે જાણવાની ક્રિયાનો કર્તા પોતે છે ને જેને જાણ્યું તે કર્મ પણ પોતે છે. આ રીતે જ્ઞાયક જ્ઞાનમાં જણાયો ત્યાં તેને જ્ઞેયકૃત કોઈ અશુદ્ધતા આવતી નથી.

અહીં અશુદ્ધતાને અસત્યાર્થ કહી છે તેથી સર્વથા અસત્યાર્થ ન સમજવી. શુદ્ધતા, અશુદ્ધતા બંને વસ્તુધર્મ છે, આત્માની પર્યાયનું સત્ત્વ છે. જો કોઈ એમ માને કે અશુદ્ધતા સર્વથા નથી તો પર્યાય જ ઊડી જાય; પણ તેમ નથી. વિકારી પરિણામ પણ પોતાની પર્યાયમાં પોતાથી થાય છે, પણ તે પરના લક્ષે થાય છે. અશુદ્ધતા પોતાની પર્યાયનું સત્ત્વ છે પણ તે પરના લક્ષથી થતી હોવાથી તેની દ્રષ્ટિ છોડાવવા ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણકે તેનો વિષય સંસાર છે. અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે. જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન આત્માનો આશ્રય કરે ત્યારે સંસાર મટે અને ક્લેશ મટે. એ રીતે દુઃખ મટાડવાના હેતુથી શુદ્ધનયની મુખ્યતાથી અશુદ્ધનયને અસત્યાર્થ, હેય કહ્યો છે.

ચૌદ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે, જ્ઞાયકભાવમાં તે છે નહીં. અશુદ્ધનયનો વિષય જ્ઞાયકભાવમાં નથી. શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે. તેની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનનો વિષય એક જ્ઞાયકભાવ જ છે,–એમ જેની દ્રષ્ટિમાં સ્વીકાર આવે છે તેનો સંસાર મટે છે.

## * આ રા ધ ના *

અનાદિ મિથ્યાદ્રષ્ટિ એવા ભદ્રણાદિ રાજપુત્રો તે જ ભવમાં ત્રસપણું પામ્યા અને જિનેન્દ્રદેવના પાદકમળની નીકટમાં ધર્મશ્રવણ કરીને સમ્યગ્દર્શન તથા સંયમને પામ્યા અને ઘણા જ થોડા કાળમાં રત્નત્રયની પૂર્ણતા કરીને સિદ્ધ થયા...માટે આરાધના જ સાર છે.

હે જગતના જીવો !
જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.

શ્રી પ્રવચનસારની તત્ત્વદીપિકા નામની ટીકામાં પરિશિષ્ટ દ્વારા શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યે પ્રથમ ‘આત્મા કેવો છે’ તે ૪૭ નયોથી સમજાવ્યું. હવે જિજ્ઞાસુ શિષ્યનો પ્રશ્ન છે કે ‘આત્મા કઈ રીતે પ્રાપ્ત કરાય? ’ તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કરુણાબુદ્ધિપૂર્વક જ્ઞાનાનંદસ્વભાવ ભગવાન આત્માની–નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિનો માર્ગ સમજાવે છે.

(તા. ૨૫–૧૧–૭૫ ના પ્રવચનોમાંથી)

## આત્મપ્રાપ્તિ કેમ દૂર રહી ?

અનાદિથી આ જીવે, અજ્ઞાનદશાને કારણે મોહના અનુભવના પ્રવાહને લીધે હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દ્રષ્ટિ કરી નથી, પોતાની પ્રભુતાનો તેણે કદી વિશ્વાસ ક્ર્યો નથી. વર્તમાન વર્તતી પામર દશા વખતે જ હું શક્તિપણે પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છું એમ તેને ભાસ્યું નથી. તેથી પૌદ્ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવા મોહના અનુભવની જ અનાદિથી પર્યાયમાં તેને પ્રબળતા રહી છે.

જેમ સમુદ્રની ઘૂમરીમાં વહાણ ચકરાવે ચડે છે તેમ અનાદિ મોહના અનુભવની પ્રબળતાથી આ જીવની પરિણતિ ચકરાવે ચડી છે અર્થાત્ સ્વભાવની સન્મુખ થઈને પરિણતિ સ્થિર થવાને બદલે બહિર્લક્ષમાં ઘૂમરી ખાતી રહેવાથી આત્મપ્રાપ્તિ થઈ શકી નથી.

આ રીતે અનાદિથી સદાય જેની આત્મપરિણતિ ઘૂમરી ખાતી રહી છે તે જીવ સમુદ્રની માફક પોતામાં જ ડામાડોળ થતો થકો ક્રમે પરિણમતી અનંત જ્ઞપ્તિ વ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે. આ જ્ઞપ્તિવ્યક્તિરૂપ પરિવર્તનમાં નિમિત્ત એવાં જે જ્ઞેયો–બહારના પદાર્થો–તેની સાથે તેને મૈત્રી પ્રવર્તે છે અર્થાત્ તેનો પ્રેમ છૂટતો નથી; આ કારણે તેને અનાદિથી આત્મભાનનો અભાવ વર્તતો હોવાથી અત્યંત બહિર્દ્રષ્ટિવાળો તે, ફરીફરીને પુદ્ગલકર્મને રચનારા રાગદ્વેષરૂપ દ્વૈતપણે પરિણમે છે અને તેથી જ તેને આત્માની પ્રાપ્તિ

દૂર થઈ પડી છે. જીવ જાણનક્રિયાપણે પરિણમી રહ્યો છે, ત્યારે નિમિત્તપણે જ્ઞેયભૂત બાહ્ય પદાર્થોની હાજરી હોય છે. જેમ કે ભગવાનની પ્રતિમા જોતાં તેનું જ્ઞાન થાય, થાંભલો જોતાં તેનું જ્ઞાન થાય. આવી જ્ઞાનની ભિન્ન ભિન્ન અવસ્થાઓનું થવાપણું જીવના પોતાના કારણે જ હોવા છતાં, અજ્ઞાનતાથી જીવ ભ્રમમાં પડી જાય છે કે બાહ્ય પદાર્થોથી મારામાં જાણવાની ભિન્ન-ભિન્ન પર્યાયો થાય છે. જેવું નિમિત્ત છે, જેવાં જ્ઞેયો છે તેવું જ જ્ઞાન થતું હોવાથી જીવને ભ્રમ ઊભો થાય છે કે મને પરથી, નિમિત્તથી, બાહ્યપદાર્થથી જ્ઞાન થાય છે. તેથી અજ્ઞાનીને જ્ઞેયભૂત પરપદાર્થો પ્રત્યેનો પ્રેમ છૂટતો નથી, પરની રુચિ છૂટતી નથી. ત્રિકાળી દ્રવ્યસામાન્યરૂપ ભગવાન આત્મા, ખરેખર તો, જ્ઞાનની જ્ઞેયનિમિત્તક ભિન્ન-ભિન્ન પર્યાયોથી પણ રહિત છે, તેના બદલે આ જીવ ભ્રમથી એમ માની બેઠો છે કે પરજ્ઞેયોના કારણે જ મારામાં જ્ઞાનની ભિન્ન-ભિન્ન પર્યાય થાય છે. જ્ઞાનની ભિન્ન-ભિન્ન અવસ્થાઓ પોતાની તે પ્રકારની પર્યાયરૂપ યોગ્યતાના કારણે થાય છે-એટલો પણ તે પરથી ખસવા પામ્યો નથી, ત્યાં તેને જ્ઞાનની ભિન્ન-ભિન્ન અવસ્થા રહિત ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક સામાન્ય છું એવું બળ તો ક્યાંથી હોય? આમ અજ્ઞાનીને નિમિત્ત, રાગ ને પર્યાય તરફનું લક્ષ છૂટીને ધ્રુવ જ્ઞાયક તરફનું લક્ષ થતું ન હોવાથી સંસારમાં રખડયા કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ આ જીવની અજ્ઞાનતા વિશે કહે છે કે-

**અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા,**

**અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા.**

આ રીતે, પર પદાર્થો પ્રતિ પ્રેમે પ્રવર્તતા આ જીવનો આત્મવિવેક શિથિલ -વિપરીત થયો છે. જાણનક્રિયામાં નિમિત્ત થતાં પર જ્ઞેયો પ્રત્યે મૈત્રીભાવને કારણે અનાદિથી આત્મવિવેક વિપરીતતારૂપે પરિણમ્યો હોવાથી આત્મવૃત્તિ અત્યંત બહિર્મુખ થવા પામી છે. આત્મવિવેક નહીં પ્રગટવાને લીધે આ જીવની આત્મવૃત્તિ અનાદિથી અત્યંત બહિર્મુખ વર્તવાથી સદાય રાગદ્વેષ-દ્વૈતરૂપે જ આ જીવ પરિણમી રહ્યો છે, ( કે જે રાગદ્વેષ નવા કર્મબંધને રચનારા છે, ) અને તેથી આત્મપ્રાપ્તિ અનાદિથી દૂર જ રહી છે.

## * આત્મપ્રાપ્તિકાળે નિમિત્તની હાજરી *

આત્માની અપ્રાપ્તિનું કારણ દર્શાવીને હવે આચાર્યદેવ આત્મપ્રાપ્તિ સમયે કેવાં નિમિત્તો હોય તેનું જ્ઞાન કરાવે છે.

ઉપર વર્ણવ્યો તે અનાદિ અજ્ઞાની જીવ જ્યારે સવળો પડે છે એટલે કે વિવેકપ્રાપ્ત તે જીવને સાક્ષાત્ આત્મપ્રાપ્તિની જિજ્ઞાસા જાગે છે ત્યારે તે પ્રચંડ કર્મકાંડ વડે અખંડ

જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે, જુઓ, આ કથન બહુ સમજવા જેવું છે. ખરેખર તો, ભૂતાર્થ એવા ત્રિકાળી નિજ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવના આશ્રયે જ સુદ્રષ્ટિ અર્થાત્ સમ્યગ્જ્ઞાન થાય છે; પરંતુ પ્રારંભમાં, શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવના નિર્ણયના પ્રયત્ન સાથે વર્તતા (સત્ દેવ–શાસ્ત્ર–ગુરુ કે તત્ત્વો સંબંધીના) તીવ્ર શુભ રાગ–પ્રચંડ કર્મકાંડ–વડે જ્ઞાનકાંડ અર્થાત્ સમ્યગ્જ્ઞાન પામે છે.–એમ અભૂતાર્થનયથી કહેવામાં આવ્યું છે. જેમ નયના વર્ણનમાં ક્રિયાનય ને જ્ઞાનનયનું વર્ણન છે તેમ અહીં પણ કર્મકાંડ ને જ્ઞાનકાંડનું વર્ણન છે. એકલા શુભભાવરૂપ કર્મકાંડથી જ્ઞાનકાંડ કદી થાય નહીં, પણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિકાળે બાહ્યમાં નિમિત્તો કેવાં હોય તેની મુખ્યતાથી, નિમિત્તનું જ્ઞાન કરાવવાની મુખ્યતાથી આ વ્યવહારનયનું કથન કરવામાં આવ્યું છે. પૂર્વે રાગની મંદતાનો ભાવ હતો તેનો અભાવ કરીને (જ્ઞાનકાંડ વડે) સમ્યગ્જ્ઞાન કર્યું, તેથી ભૂતનૈગમનયના પ્રકારથી આ કથન કર્યું છે.

કોઈ એમ માને કે આત્માનો અનુભવ પોતાના ઉપાદાન કારણથી થતો હોવાથી બાહ્યમાં નિમિત્ત તરીકે ગમે તે કુદેવ, કુગુરુ, કુધર્મ હોય તોપણ આત્માનો અનુભવ થઈ શકે છે, તો તેવી મિથ્યા ભ્રમણાનું અહીં આચાર્યદેવે ખંડન કર્યું છે. જેને આત્મપ્રાપ્તિ કરવી હોય તેણે પ્રથમ સુદેવ, સુગુરુ, સુધર્મને ઓળખવા પડશે. જેણે આત્માની પૂર્ણપ્રાપ્તિ કરી છે, તેની દિવ્યવાણી દ્વારા જે શાસ્ત્રોની રચના થઈ છે અને તેના વડે જે જીવ તે માર્ગને પામ્યા છે એવા સત્ દેવ–શાસ્ત્ર–ગુરુને પામ્યા વિના આત્મપ્રાપ્તિ થઈ શકતી નથી. આમ આત્મપ્રાપ્તિ માટે ગરજવાન થયેલા તે જીવની પ્રથમ ભૂમિકા કેવી હોય તેનું અહીં જ્ઞાન કરાવ્યું છે.

## * આત્મપ્રાપ્તિની રીત *

એવો તે જિજ્ઞાસુ જીવ, ખરેખર તો નિજ શુદ્ધાત્મસ્વભાવના નિર્ણયના પ્રયત્ન વડે જ અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે, પરંતુ નિર્ણયના પ્રયત્ન સાથે દેવ–શાસ્ત્ર–ગુરુ અથવા તત્ત્વો વગેરે સંબંધનો શુભ રાગ તેને વર્તતો હોવાથી તે શુભ રાગરૂપ કર્મકાંડ વડે જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે–એમ ઉપચારથી કહેવાય છે. એ પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરીને, આત્મપરિણતિને હણનાર એવો મોહ અને હણાનાર આત્મા–તે બંનેને જુદા પાડે છે એટલે કે ભેદજ્ઞાન વડે મોહ અને આત્માને જુદા પાડીને માત્ર આત્મભાવના–આત્માનો અનુભવ કરે છે. મિથ્યાત્વ–અવસ્થામાં તે જીવને એવો ભ્રમ ઊભો થયો હતો કે જ્ઞાનની ભિન્ન–ભિન્ન અવસ્થાઓ પરજ્ઞેયોના લીધે થાય છે, તેથી ત્યાં જ તેને લક્ષ રહેતું હતું. હવે તેણે જ્ઞાનકાંડ વડે એમ જાણ્યું ને સ્વીકાર્યું કે જ્ઞાનની ભિન્ન–ભિન્ન અવસ્થા પરજ્ઞેયોથી થતી નથી પણ જ્ઞાનની સ્વ–પરપ્રકાશક શક્તિના કારણે થાય છે; ત્યાં જ્ઞાનની ભિન્ન–ભિન્ન

પર્યાયોથી પણ હું તો ભિન્ન અખંડ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છું. આ રીતે જ્યારે પર્યાયનું પણ લક્ષ છોડીને માત્ર એક અખંડ જ્ઞાયકસ્વભાવનું લક્ષ કર્યું, ત્યાં ભેદજ્ઞાન પ્રગટ થયું, આત્માનો અનુભવ થયો.

આ રીતે આત્માના અનુભવના પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરીને, સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો, એકીસાથે જ અનંત જ્ઞાપ્તવ્યક્તિઓમાં વ્યાપીને, અન્ય અવકાશ નહીં હોવાને લીધે, બિલકુલ પરિવર્તન પામતો નથી. આ આત્મા તે ભાવ, ને તેના આશ્રયે થતી પર્યાય તે ભાવના–અનુભવ. તે અંતર્મુખ ભાવનાના પ્રભાવ વડે તે જીવ, આત્મવૃત્તિ અંદરમાં જ નિશ્ચળતા પામી હોવાથી, જાણનક્રિયામાં વ્યાપીને બિલકુલ પરિવર્તન નહીં પામતો થકો નિષ્કંપપણે રહે છે. તેની જાણનક્રિયામાં નિમિત્તભૂત જ્ઞેયોમાં હવે તેને મૈત્રી પ્રવર્તતી નથી. આ રીતે પરમાં, નિમિત્તમાં, રાગમાં કે પર્યાયમાં જેને મૈત્રી રહી નથી તેને આત્મવિવેક સુપ્રતિષ્ઠિત –સુસ્થિત થવાથી તે અત્યંત અંતર્મુખ થવાને લીધે રાગદ્વેષ દ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો છે, ને પૂર્વે નહીં અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે પ્રાપ્ત કરે છે.

આ જીવ મિથ્યાત્વ અવસ્થામાં મોહના અનુભવના પ્રભાવથી બાહ્ય પદાર્થોના પ્રેમને વશ રાગદ્વેષ–દ્વૈતરૂપ જ પરિણમી રહ્યો હતો તેથી આત્મપ્રાપ્તિથી દૂર હતો. હવે જ્યારે જ્ઞાયકના આશ્રય વડે ભેદવિજ્ઞાન દ્વારા અનુભવ પ્રગટ થયો ત્યારે અનુભવના પ્રભાવથી પર–પદાર્થોની મૈત્રી છૂટી જવાથી રાગદ્વેષ–દ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો, ને ત્રિકાળ જ્ઞાન–આનંદસ્વભાવી નિજ ભગવાન આત્માને પ્રાપ્ત થયો.

આ રીતે જીવ કેમ આત્મપ્રાપ્તિથી દૂર રહ્યો છે ને તેને કેવી રીતે આત્માની પ્રાપ્તિ થાય છે તે સમજાવીને સંતો અત્યંત કરુણાપૂર્વક કહે છે કેઃ હે જગતના જીવો, તમે પણ આ રીતે ચૈતન્યસ્વભાવી અખંડ ત્રિકાળી જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.

## “ ધનિકોને આચાર્યદેવનું સંબોધન ”

જે ધનિકો લોભવશાત્ વ્યાજ વગેરેની કમાણી કરવા માટે કાળનું નિર્ગમન ઇચ્છે છે. તેઓ પોતાના જીવન કરતાં ધનને વધારે વહાલું ગણે છે; કારણકે તેઓ એમ સમજે છે કે કાળના નિર્ગમનથી જેમ દિવસો વધશે તેમ વ્યાજ વગેરે વધશે; પણ તેટલા દિવસો તેમના આયુમાંથી ઓછા થશે તેનું તેમને ભાન હોતું નથી. તેઓ ધનવૃદ્ધિના લોભમાં પોતાના જીવન ( આયુ ) ના વિનાશ તરફ લક્ષ આપતાં નથી. આ વ્યામોહનું કારણ હોવાથી ધન ધિક્કારને પાત્ર છે. ( શ્રી પૂજ્યપાદઆચાર્ય )

## ધ્રુવસ્વભાવમાં એકત્વપણે પરિણમવું તેમાં જ જીવની શોભા છે.

આત્મા 'સમય' છે; તે એકીભાવે પોતાના ગુણ-પર્યાયપણે પરિણમે તે લોકમાં સર્વત્ર સુંદર છે. ધ્રુવમાં એકત્વ થવાથી જે પરિણમન થયું તેને અહીં 'આત્મા' કહ્યો છે. ધ્રુવમાં એકત્વપણે ગુણ-પર્યાય પરિણમે તે સર્વત્ર સુંદર છે. પરંતુ પોતે પોતામાં સ્થિત થવાને-પોતાના સ્વભાવરૂપ પરિણમવાના-બદલે વિકારરૂપ પરિણમે છે તે દ્વિવિધપણું છે, તેથી અસુંદર છે.

( તા. ૭-૧૨-૭૫ ના પ્રવચનમાંથી )

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં,**

**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

અર્થઃ- એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે; તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા વિસંવાદ-વિરોધ કરનારી છે.

આત્મા પોતાના દ્રવ્યમાં એકત્વ થઈને પરિણમે છે તે સ્વસમય છે; આત્મા પોતાનામાં નહીં પરિણમતાં પરમાં-વિકારમાં પરિણમે તે પરસમય છે; તેનાથી દ્વિવિધપણું ઉત્પન્ન થાય છે, તેથી તે બાધિત છે. તે વાત સમયસારની આ ગાથામાં સમજાવવામાં આવી છે.

જે કોઈ જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી એકત્વપૂર્વક પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત હોવાથી સુંદર છે. સૌ પોતપોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત છે, અને તેથી સર્વસંકર આદિ દોષોથી રહિત છે. જો તેઓ નિ શ્ચયથી એકત્વને પ્રાપ્ત ન હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં ભળી જવાથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય અથવા તો એક દ્રવ્ય બદલીને બીજા દ્રવ્યરૂપ થઈ જવાથી એક દ્રવ્યનો નાશ થઈ જાય. આમ બધા પદાર્થો નિશ્ચયથી એકત્વપૂર્વક નિજ ગુણપર્યાયોના આધારરૂપ પોતાના દ્રવ્યસ્વભાવમાં સ્થિત હોવાને લીધે શાશ્વત ટકી રહ્યા છે.

કેવા છે તે સર્વ પદાર્થો ? કે દરેક પદાર્થ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલા પોતાના અનંત ધર્મોને સ્પર્શે છે, ચુંબે છે, આલિંગન કરે છે તોપણ પરસ્પર એક દ્રવ્ય બીજા

દ્રવ્યને સ્પર્શતું નથી. આત્મા કર્મને સ્પર્શતો નથી, કર્મ આત્માને સ્પર્શતું નથી; આત્મા દેહને સ્પર્શતો નથી, દેહ આત્માને સ્પર્શતો નથી. સોયની અણી જેવડા કંદમૂળના કણમાં રહેલાં અસંખ્યાત શરીર એકબીજાને સ્પર્શતાં નથી; તેના એક એક શરીરમાં રહેલા અનંત નિગોદના જીવ એકબીજાને સ્પર્શતા નથી. એક એક જીવને જે કાર્મણ–તૈજસ બે શરીર તે એકબીજાને સ્પર્શતા નથી. લોકાગ્રે બિરાજમાન એક સિદ્ધના ક્ષેત્રમાં બીજા અનંત સિદ્ધો બિરાજી રહ્યા હોવા છતાં તેઓ પરસ્પર સ્પર્શતા જ નથી. અહીં પણ ચાલવાની ક્રિયા વખતે પગ જમીનને અડતો જ નથી, કારણકે શરીરનાં પુદ્‌ગલો ગુણ–પર્યાયરૂપ નિજ ધર્મોને ચુંબતાં–સ્પર્શતાં–અડતાં હોવા છતાં જમીન આદિ અન્ય પુદ્‌ગલોને ચુંબતાં–સ્પર્શતાં–અડતાં નથી. જેટલા ગુણો સર્વવ્યાપક આકાશના છે તેટલા ગુણો એકપ્રદેશી પરમાણુમાં છે. આવો એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો જ નથી. એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ છે, અભાવનું ભાવરૂપ સ્પર્શવું કેમ બને ? દરેક દ્રવ્ય પોતાનામાં સ્વયંસિદ્ધ પરિણમી રહ્યું છે, તેને અન્ય કોઈ સાથે સંબંધ નથી.

આત્મા પોતાના દ્રવ્યમાં એકત્વ થઈને પરિણમે છે તે ‘સ્વસમય’ છે; તે આત્મા, પોતાનામાં–એકત્વમાં નહીં પરિણમતાં, પરમાં–વિકારમાં પરિણમે તે ‘પરસમય’ છે, ધ્રુવમાં એકત્વપણે પરિણમવાને બદલે, ધ્રુવનું એકત્વપણું છોડીને રાગરૂપ પરિણમવું તે દ્વિવિધપણું થયું, તેથી તે બાધારૂપ છે.

અહીં નિર્મળ પર્યાયને પોતાનું કાર્ય કહીને તે પર્યાય સહિત જીવને જ આત્મા કહ્યો છે. ધ્રુવના આશ્રયે થતી જે નિર્મળ પરિણતિ તે સહિત આત્માને ‘સ્વસમય’ કહ્યો છે. નિયમસારની ૫૦ મી ગાથામાં નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. મોક્ષમાર્ગનો હેતુ ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યરૂપ કારણપરમાત્મા છે, તેના આશ્રયે પ્રગટેલી નિર્મળ પર્યાયને ત્યાં પરદ્રવ્ય કહી છે. ત્યાં ત્રિકાળી દ્રવ્યને ધ્યેય બતાવવું હોવાથી એમ કહ્યું છે. પ્રવચનસારની ૧૭૨ મી ગાથાની ટીકામાં અલિંગગ્રહણના ૧૮–૧૯ માં બોલમાં જે કહ્યું છે તે અભેદ એકરૂપ દ્રષ્ટિનો વિષય છે તેની વાત કરી છે. ત્યાં અભેદ એકરૂપ આત્મા પોતાના ગુણ–પર્યાયરૂપ ભેદને સ્પર્શતો નથી એમ એક જ દ્રવ્યની અંદર–અંદરના બેની ભિન્નતાની વાત છે. અહીં તો પરદ્રવ્યથી સર્વથા ભિન્ન બતાવવા હોવાથી દરેક દ્રવ્ય પોતાના ગુણપર્યાયોને સ્પર્શે છે એમ કહ્યું છે.

સમ્યગ્દર્શનનો વિષય તો એકલું ધ્રુવ–શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય છે, તે જ આશ્રય કરવા લાયક છે. નિર્મળ પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. અહીં તો પરથી ભિન્ન પાડવા માટે ધ્રુવના આશ્રયે થતું જે શુદ્ધ પરિણમન, તે સહિત આત્મા કહ્યો છે, ‘સ્વસમય’ કહ્યો છે, ને રાગરૂપ જે પરિણમવું તેને ‘પરસમય’ કહ્યો છે. આ રીતે

આત્મામાં પરસમયરૂપ દ્વિવિધપણું ઉત્પન્ન થતું હોવાથી તે બાધારૂપ છે, વિઘ્નરૂપ છે માટે છોડવું જોઈએ. જેને પર્યાયદ્રષ્ટિ છૂટી ગઈ છે ને દ્રવ્યદ્રષ્ટિ થઈ છે તેને પોતાનો આત્મા સદા સુંદર લાગે છે અને બીજાના આત્માઓને પણ શક્તિસ્વભાવે શુદ્ધ ચૈતન્યઘનરૂપ સુંદર દેખે છે.

અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે અનંત પદાર્થો રહ્યા હોવા છતાં તેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી. ક્ષેત્ર એક હોવા છતાં સત્તા ભિન્ન–ભિન્ન છે. પોતાના સ્વરૂપથી નહીં પડતા થકા, પરરૂપે નહીં પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી અર્થાત્ પદાર્થની જે સંખ્યા અનંતકાળ પૂર્વે હતી તે જ સંખ્યા સદાય રહે છે, તેથી તેઓ શાશ્વત સ્થિત છે.

ઉત્પાદ ને વ્યય એટલે કે ઊપજવું ને નાશ પામવું એ બંને વિરુધ્ધ કાર્ય છે અને ધ્રુવ–ધ્રુવરૂપ રહે તે અવિરુધ્ધ કાર્ય છે. બધા પદાર્થો પોતાનાં વિરુધ્ધ તથા અવિરુધ્ધ કાર્ય વડે ટંકોત્કીર્ણ, જેવા ને તેવા શાશ્વત સ્થિત રહ્યા હોવાથી વિશ્વને ટકાવી રાખે છે.

આ પ્રમાણે સર્વ પદાર્થો પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યા હોવાથી શોભા પામે છે; પરંતુ જીવ નામના સમયને, અનાદિથી કર્મનું નિમિત્ત પામીને, રાગરૂપ પરિણમનથી દ્વિવિધપણું છે તેથી જીવમાં વિસંવાદ ખડો થાય છે. તે અસુંદર છે; ધ્રુવમાં પરિણમન કરવું તે એકપણું છે, તે જ સુંદર છે ને તેનાથી જ આત્માની શોભા છે.

## “ મનુષ્ય પર્યાયની અતિ અતિ દુર્લભતા ”

ઘણા લોકો સ્વર્ગના દેવની વાત સાંભળે ત્યાં આશ્ચર્ય પામે છે, પણ ભાઈ ! એ સ્વર્ગ કાંઈ આશ્ચર્યકારી વસ્તુ નથી, તું પોતે અનંત વાર ત્યાં જઈ આવ્યો છે. સ્વર્ગના અસંખ્ય અવતાર થાય ત્યારે મનુષ્યનો એક અવતાર થાય; બીજી રીતે કહીએ તો જીવોમાંથી અસંખ્ય જીવો જ્યારે સ્વર્ગમાં જાય ત્યારે માત્ર એક જીવ મનુષ્યમાં અવતરે. આવું મોંઘું મનુષ્યપણું છે; ને દેવપણું તો તેના કરતાં અસંખ્યગણું સસ્તું છે.

આત્માના અજ્ઞાનથી ચાર ગતિમાં ભમતાં જીવે સૌથી વધુ ભવ એકેન્દ્રિયાદિ તિર્યંચગતિના કર્યા છે; તે ઉપરાંત મનુષ્ય, નરક અને સ્વર્ગના અવતાર પણ અનંતવાર કર્યા છે. તેમાંય મનુષ્ય કરતાં નરકનાં ને નરક કરતાંય સ્વર્ગના અવતાર અસંખ્યગણા કર્યા છે. સરેરાશ અસંખ્ય અવતાર સ્વર્ગના ને નરકના કરે ત્યારે એક અવતાર મનુષ્યનો મળે; આવી મનુષ્ય અવતારની દુર્લભતા છે, ને આવા દુર્લભ મનુષ્ય અવતારમાં પણ જૈનધર્મનો વીતરાગી ઉપદેશ સાંભળવા મળવો બહુ દુર્લભ છે. આવો દુર્લભ અવતાર અને વીતરાગી જૈનધર્મનો ઉપદેશ તને અત્યારે મહાભાગ્યે મળ્યો છે, તો હવે તું શીઘ્ર જાગ, ચેતીને સાવધાન થા, ને આત્માની ઓળખાણ વડે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ભવ:દુખનો અંત કર.

## હે જીવ ! પુણ્ય-પાપરૂપી ઘંટીના બે પડ વચ્ચે અનંતકાળથી તું પિલાઈ રહ્યો છે, તેથી હવે તો તેનો પરિચય છોડ.

સ્વભાવને છોડીને રાગ કરવો ને ભોગવવો તે તો અનાદિથી આ જીવ કરતો આવ્યો છે; આવી કામભોગસંબંધી બંધકથા અનંતવાર સાંભળી છે, પરિચયમાં આવી છે અને અનુભવી છે; તેથી તે સુલભ છે, પરંતુ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું કદીયે સાંભળવામાં આવ્યું નથી, પરિચયમાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી; તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.

[ તા. ૮-૧૨-૭૫ તથા તા. ૯-૧૨-૭૫ના પ્રવચનમાંથી ]

અહીં (સમયસાર શાસ્ત્રમાં) ચોથી ગાથા દ્વારા અજ્ઞાની જીવને એકત્વની દુર્લભતા છે તે બતાવે છેઃ

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

**અર્થઃ**- સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે; તેથી સુલભ છે; પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી.

સર્વ લોકને અર્થાત્ એકેન્દ્રિયથી માંડીને અજ્ઞાની પંચેન્દ્રિય સુધીના સમસ્ત જીવોને કામભોગસંબંધી બંધની કથા અનંતવાર સાંભળવામાં, પરિચયમાં અને અનુભવમાં આવી ગઈ છે, એટલે કે ઇચ્છા ને ઇચ્છાનું ભોગવવું તે સંબંધી બંધની કથા– તે સંબંધી વિકલ્પો–અનંતવાર સાંભળવામાં, પરિચયમાં તથા અનુભવમાં આવી ગઈ છે. સ્વભાવને છોડીને અનાદિથી રાગ કરવો ને ભોગવવો તે જ કરતો આવ્યો છે, તેની જ આદત પડી ગઈ છે; તેથી તે સુલભ છે. પરંતુ રાગથી ભિન્ન એવી નિર્મળ દશા દ્વારા ધ્યેયરૂપ ત્રિકાળી દ્રવ્યમાં જવાય છે–આશ્રય લેવાય છે, તે વાત કદી સાંભળી નથી. સાંભળી નથી એટલે ? એમ તો અનંતવાર ભગવાનના સમવસરણમાં જઈને આ વાત સાંભળી આવ્યો છે, પરંતુ પોતાની પર્યાયદૃષ્ટિ છોડીને ભગવાને જે નિજકારણપરમાત્મતત્ત્વની દૃષ્ટિ કરવાનું કહ્યું, તેની દૃષ્ટિ કદી કરી નથી, તેથી તે વાત તેણે સાંભળી જ નથી એમ કહ્યું. ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, અનુભવ્યું નથી; તેથી તે એક સુલભ નથી, દુર્લભ છે.

શ્રી પદ્મનંદિપંચવિંશતિકામાં આચાર્યદેવ કહે છે કે–

तत्प्रति प्रीतिचितेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेद् भव्यो भाविनिर्वाणभाजनम्।।

અર્થઃ– જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.

આ સમસ્ત જીવલોકને અર્થાત્ નિગોદના જીવથી માંડીને અજ્ઞાની પંચેન્દ્રિય સુધીના સમસ્ત જીવોને કામભોગસંબંધી બંધની કથા અર્થાત્ રાગનું સાંભળવું વગેરે થયું છે. નિત્યનિગોદનો જીવ કે જે અનાદિથી નિગોદમાં જ છે ને અનંતકાળ સુધી નિગોદમાં જ રહેવાનો છે, એણે પણ કામભોગસંબંધી બંધકથા અનંત વાર સાંભળી છે, પરિચયમાં આવી છે, અનુભવ કર્યો છે. કેવી રીતે?–કે મિથ્યાત્વ અને કષાયભાવરૂપ –શુભાશુભભાવરૂપ પરિણમન કરવું તે જ બંધકથાનું સાંભળવું વગેરે છે. નિગોદના જીવને પણ કામભોગનું મૂળ એવા રાગાદિ ભાવરૂપ પરિણમન ને તેનું વેદન અનાદિથી છે, તેથી અનંત વાર તેણે કામભોગસંબંધી વિકથા સાંભળી છે, પરિચય કર્યો છે, અનુભવી છે.

કામભોગસંબંધી બંધકથા એકપણાથી વિરુધ્ધ છે; સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માનું જે એકપણું તેનાથી તે વિરુધ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે, આત્માનું અત્યંત બૂરું કરનારી છે; તોપણ પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે, અનંતવાર પરિચયમાં આવી છે અને અનંત વાર અનુભવમાં પણ આવી ચૂકી છે.

કેવો છે જીવલોક? કે જેમ ઘંટીના બે પડ વચ્ચે દાણા પિલાય તેમ સંસારરૂપી ચક્રના મધ્યમાં તે સ્થિત છે–દુઃખથી પિલાય છે. નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે તેને ભ્રમણ પ્રાપ્ત થયું છે. એકલો ત્રિકાળી આનંદનો નાથ એવો જે નિજ આત્મા તેની દ્રષ્ટિ વિના અજ્ઞાની જીવ પંચપરાવર્તનરૂપ પરિભ્રમણના ચકરાવામાં ક્રમશઃ અનંત વાર કર્મનોકર્મયોગ્ય સર્વ પુદ્ગલદ્રવ્યોનાં ગ્રહણ–ત્યાગરૂપ સંબંધમાં, અનંત વાર લોકાકાશની શ્રેણીરૂપ ક્ષેત્રપ્રદેશોમાં, અનંતવાર ઉત્સર્પિણી–અવસર્પિણીરૂપ કાળચક્રના સમયોમાં, અનંતવાર શુભાશુભ સર્વ ભાવોરૂપે તથા અનંતવાર ચોરાશી લાખ યોનિના ભવોમાં જન્મ–મરણ ધારણ કરીને અનંત અનંત દુઃખ પામ્યો છે. અરે! મહાન દુર્લભ મનુષ્યભવ પામી દ્રવ્યલિંગી સાધુ થઈને પણ શુભપરિણામના બળે નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ઉપજી આવ્યો, પણ પોતાના એકત્વ–વિભક્ત સ્વરૂપના ભાન વિના ત્યાંથી મરીને સંસારચક્રમાં પરિભ્રમણ કરી દુઃખી થઈ રહ્યો છે. આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ને ભવરૂપ પાંચ પરાવર્તોને લીધે તેને ભ્રમણ પ્રાપ્ત થયું છે.

વળી કેવો છે જીવલોક?–કે સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનારું મિથ્યાત્વરૂપી–મોહરૂપી ભૂત તેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે; પરના કર્તૃત્વપણાનો ભાર વહેવડાવે છે. શુભાશુભભાવ તે જ મારું કાર્ય છે એમ માનીને આ ‘છોડયું ને આ ગ્રહ્યું. ’ એવા મિથ્યા અભિપ્રાયરૂપી મોટું ભૂત સમસ્ત વિશ્વને વળગ્યું છે. ભગવાન આનંદનો નાથ પોતે છે, તેને ન જોતાં પરસન્મુખ થઈને ઢોરની જેમ ભાર વહ્યે જાય છે. સંસારના આ કાર્યો કરી લઉં, આમ કરવાથી કીર્તિ વધશે ને આમ કરવાથી ધન વધશે. એમ આખો ભવ પરનાં કાર્ય ‘કરું–કરું’ નો બોજો વહ્યા કરે છે. ભગવાન અભેદસ્વરૂપ શુદ્ધ ચિદાનંદનો નાથ પોતે છે તેમાં એકપણું સ્થાપવાને બદલે રાગ ને વિકલ્પની વૃત્તિઓમાં જ એકાકાર થઈને સંસારચક્રમાં પરિભ્રમણ કરી દુઃખ પામી રહ્યો છે.

સમસ્ત જીવલોકને મિથ્યા અભિપ્રાય વડે ભ્રમણા ઉત્પન્ન થવાથી તૃષ્ણા ફાટી નીકળી છે. વૃત્તિઓ ઊઠયા જ કરે છે કે ‘આ કરું, આ કરું’ અતીન્દ્રિય સ્વભાવ તરફ ઝુકાવ નહીં થવાથી પાંચ ઇન્દ્રિયોના વિષયોને મેળવવાની ઝંખનાની દાહમાં સળગી રહ્યો છે. જેમ આકરો રોગ ફાટી નીકળતાં ખૂબ દાહ પામે છે તેમ તૃષ્ણારૂપી દાવાનળ ફાટી નીકળ્યો હોવાથી વિષયોને પામી લઉં ને ઝટ ભોગવી લઉં એવી ચાહનાની દાહમાં સમસ્ત જીવલોક સળગી રહ્યો છે. આમ તૃષ્ણાથી આકુળ–વ્યાકુળ થઈને મૃગજળ જેવા ઇન્દ્રિયવિષયોને ઘેરો ઘાલે છે. જેમ અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ શાંત થતી નથી પણ વધુ પ્રજ્વલિત થાય છે તેમ તૃષ્ણારૂપી અગ્નિ વિષયોની પ્રાપ્તિ વડે વધુને વધુ તીવ્ર થાય છે. તેથી જાણે એકીસાથે પાંચે ઇન્દ્રિયોના વિષયને ઝટ ભોગવી લઉં એવી આકુળતાથી પોતે બળી રહ્યો છે. વળી પરસ્પર આચાર્યપણું કરે છે એટલે કે પરસ્પર એકબીજાને તેમ કરવાની પ્રેરણા, શિખામણ આપે છે. પરંતુ સૂકું હાડકું ચાવતો કૂતરો પોતાના પેઢામાંથી વહેતા લોહીનો સ્વાદ ભોગવતો થકો આનંદિત થાય છે તેમ વિષયોને મેળવવાની ને ભોગવવાની બળતરામાં પોતાના આત્માની શાંતિ હણાઈને જે રાગ ઉત્પન્ન થાય છે તેને જ જીવ ભોગવે છે, વિષયોને બિલકુલ ભોગવતો જ નથી.

આ રીતે કામભોગસંબંધી બંધ કથાને સમસ્ત જીવલોક અનંતવાર સાંભળી ચૂક્યો છે, પરિચય કરી ચૂક્યો છે ને અનુભવ કરી ચૂક્યો છે તેથી તે સુખે પ્રાપ્ત છે, સુલભ છે. પરંતુ, જે સદા અંતરંગમાં પ્રગટ પ્રકાશમાન છે એવું આત્માનું એકપણું નિર્મળ ભેદજ્ઞાન વડે દેખાય તેવું છે, તે વાત રુચિપૂર્વક કદી સાંભળી નથી, પરિચય કર્યો નથી, અનુભવ કર્યો નથી, તેથી તે અસુલભ છે, દુર્લભ છે. રાગથી ભિન્ન પડીને ચૈતન્યચમત્કાર જ્ઞાયક આત્મામાં એકપણું કદી કર્યું નથી. ભેદજ્ઞાનરૂપ પ્રકાશ વડે અંતરંગમાં સદાય [ **અનુસંધાન પૃષ્ઠ ૧૮** ]

# જ્ઞાનીનું ચિંતવનઃ હું ચાર વિભાવસ્વભાવોને અગોચર, પરમપારિણામિક તત્ત્વ છું.

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું-એમ જ્ઞાની ચિંતવે.**

**[ નિયમસાર, ગાથા ૯૭. તા. ૭-૧૦-૭૫ના પ્રવચનમાંથી ]**

અહીં, આચાર્યદેવ જ્ઞાનીને શિખામણ આપે છે.

પ્રથમ તો, જ્ઞાની કોને કહેવાય તે સમજાવતાં કહે છે કે જે જીવ પરમ ભાવનાની સન્મુખ થયો છે તે જ્ઞાની છે. ક્ષાયિક આદિ ચારેય ભાવોથી અગોચર છે અર્થાત્ ચારેય ભાવના આશ્રયે જાણી શકાતો નથી એવો જે પરમપારિણામિક ભાવ, તેની સન્મુખ જીવને અર્થાત્ જેની દ્રષ્ટિએ આવા પરમ તત્ત્વનો આશ્રય લીધો છે તેવા જ્ઞાનીને આચાર્યદેવ શિખામણ આપે છે.

જ્ઞાનીએ સદાય એમ ચિંતવન કરવું કે જે કારણપરમાત્માનો આશ્રય મારી દ્રષ્ટિમાં વર્તે છે તે કારણપરમાત્મા, ત્રિકાળ-નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવને ક્યારેય છોડતો નથી; ભૂતકાળની નિગોદની દશા વખતે કે ભવિષ્યમાં થનાર મોક્ષદશા વખતે કારણપરમાત્મા તો સદાય એકરૂપ નિરાવરણ નિજ પરમભાવપણે જ રહ્યો છે.

સમસ્ત શુભાશુભભાવ તે પાપરૂપી શત્રુસેના છે, તેની વિજયધ્વજાને આ કારણપરમાત્મા લૂંટનારો છે. રાગાદિ ભાવ તો પરભાવ છે કે જે પંચપરાવર્તનરૂપ સંસારવૃદ્ધિનું કારણ છે; તે પરભાવને કારણપરમાત્માએ કદી ગ્રહ્યો જ નથી. પર્યાયમાં જ્ઞાની એમ નિર્ણય કરે છે કે જેણે પરમસ્વભાવભાવને કદી છોડયો નથી ને રાગાદિ પરભાવને તેમ જ પર્યાયને કે ગુણ-ગુણીના ભેદને પણ કદી ગ્રહણ કર્યા નથી એવો ધ્રુવ કારણપરમાત્મા તે જ હું છું. પર્યાયમાં એમ નિર્ણય કરે છે કે પર્યાયના ગ્રહણ વિનાનો નિજ કારણપરમાત્મતત્ત્વ તે જ હું છું.

નિયમસારના નિચોડ સમી તેની ૫૦મી ગાથામાં તો એમ કહ્યું છે કે ક્ષાયિકાદિ ચારેય ભાવ પરભાવ છે, માટે પરદ્રવ્ય છે, તેનાથી રહિત ત્રિકાળ શુદ્ધ કારણસમયસાર સ્વદ્રવ્ય છે, માટે તે જ ઉપાદેય છે. પર્યાયમાં જ્ઞાતા એમ નિર્ણય કરે છે-જ્ઞાની એમ ચિંતવન,

અનુભવ કરે છે કે, નિર્મળ પર્યાયના પણ ગ્રહણ વિનાનો નિજ કારણપરમાત્મા તે હું છું. પર્યાય તો અનિત્ય છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. અનિત્યનો વિષય નિત્ય બને ત્યારે સમ્યગ્દર્શન થાય. અગિયાર અંગનું જ્ઞાન કર્યું પણ જ્ઞાનની પર્યાયમાં જ ઊભો રહ્યો, તેનાથી ભિન્ન કારણસમયસાર એમને એમ જ રહી ગયો; ૧૨ અંગનો સાર એવા પરમસ્વભાવભાવનો આશ્રય ન કરતાં ૧૧ અંગના ઉઘાડમાં જ, ક્ષયોપશમમાં જ અટકી ગયો. ક્ષયોપશમની મહિમા આવી પણ સહજ ત્રિકાળી કેવળજ્ઞાન–કેવળદર્શનસ્વભાવી પરમતત્ત્વની મહિમા ન આવી, તેથી મિથ્યાત્વથી ખસ્યો નહીં.

હવે જ્યારે ગ્રહણ–ત્યાગ રહિત પરમ મહિમાવંત નિજ પરમભાવનો આશ્રય પર્યાયે લીધો ત્યાં સમ્યગ્દર્શન પ્રગટ થયું, આત્માની અનુભૂતિ થઈ, તે જ્ઞાની એમ ચિંતવે છે કે ત્રિકાળ કારણસમયસાર તે હું છું. ત્રિકાળી ધ્રુવવસ્તુએ પર્યાયને કદી ગ્રહણ કરી જ નથી. શાશ્વત સ્વભાવને કદીયે છોડયા વિના માત્ર સર્વને સર્વ પ્રકારે જાણે છે તેવું સ્વસંવેદ્ય તત્ત્વ હું છું–આમ પર્યાયમાં જ્ઞાની પોતે 'હું પર્યાય રહિત પરમ તત્ત્વ છું' એવી સદાય ભાવના ભાવે છે.

નિયમસાર, ટીકામાંના શ્લોક ૧૨૯ માં પણ કહ્યું છે કે–

આત્માએ સહજ એક પંચમભાવને કદી છોડયો જ નથી ને કર્મકૃત–પૌદ્ગલિક વિકાર–એવા પરભાવને કદી પણ ગ્રહણ કર્યા જ નથી, એવા તે નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ પરમસ્વભાવભાવને જાણો, દેખો અને સદાય તેની જ ભાવના કરો.

[ પૃષ્ઠ ૧૬ થી ચાલુ ]

પ્રગટપણે પ્રકાશમાન વસ્તુ પડી છે તે દેખાય એવી હોવા છતાં રાગના–વિકલ્પના સમૂહ સાથે એકરૂપ જેવી કરવામાં આવતી હોવાથી વસ્તુ અત્યંત તિરોભાવ પામી છે, ઢંકાઈ ગઈ છે. વસ્તુ તો વસ્તુપણે જ હોવા છતાં પરમાં એકાકારપણા વડે ઢાંકી દીધી છે. કર્મના જોરથી વસ્તુ દેખાતી નથી–એમ નથી, પરંતુ પોતે રાગ સાથે એકાકારપણું સેવતો હોવાથી તેની દ્રષ્ટિમાં વસ્તુ દેખાતી નથી.

એ રીતે પોતે આત્માને જાણતો નહીં હોવાથી ને આત્માને જાણનારાઓની સંગતિ નહીં કરવાથી એટલે કે આત્માના જાણનારના ઉપદેશ પ્રમાણે આત્માને જાણવાનો પ્રયત્ન નહીં કર્યો હોવાથી, આત્માનું એકપણું પૂર્વે કદી સાંભળ્યું નથી, પૂર્વે કદી પરિચયમાં આવ્યું નથી, અને પૂર્વે કદી અનુભવમાં આવ્યું નથી, તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી, દુર્લભ છે.

## એકત્વ-વિભક્ત આત્માને સ્વસંવેદનપૂર્વક પ્રમાણ કર.

હે ભવ્ય! એકત્વ-વિભક્ત આત્માને હું મારા આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું. આ આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વભાવથી એકત્વ છે અને રાગથી ભિન્ન-વિભક્ત છે; તેને સ્વસંવેદનરૂપ પર્યાય વડે જાણજે, સ્વભાવપ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. અમારા ગુરુના અનુગ્રહપૂર્વક અમે જેવો આત્મા જાણ્યો તેવો અનુભવપૂર્વક પ્રમાણ કર્યો છે; અને તેવો જ એકત્વ-વિભક્ત આત્મા તને દર્શાવીએ છીએ; માટે તું પણ અનુભવથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. [ **તા. ૧૧-૧૨-૭૫ ના પ્રવચનમાંથી** ]

જિજ્ઞાસુ જીવો પર અનુગ્રહ કરીને આચાર્યદેવ આત્માનું સ્વરૂપ દર્શાવતા થકા શ્રી સમયસારની પાંચમી ગાથા દ્વારા કહે છે કેઃ–

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**

**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે તે સર્વથી હું સ્વભાવની એકતા ને વિભાવની પૃથક્તા યુક્ત એવા ભગવાન આત્માને દર્શાવીશ. સર્વજ્ઞ પરમેશ્વરદેવે જેવો કહ્યો છે તેવો જ આત્મા મને નિજ વિભવથી સમજાયો છે. તે નિજ વૈભવ વડે સ્વભાવથી એકત્વ ને વિકલ્પથી વિભક્ત એવા આત્માને દર્શાવીશ;–એવો મેં નિર્ણય કર્યો છે.

કેવો છે મારા આત્માનો નિજ વૈભવ?–દ્રવ્ય–ગુણ તો ત્રિકાળીસ્વરૂપ છે, પણ તેના આશ્રયે જે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે નિજ વૈભવ છે. તે કેવો છે?–કે આ લોકમાં સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદથી ચિહ્નિત એવો જે શબ્દબ્રહ્મ – વીતરાગી પરમાગમ, તે પરમાગમમાં જે કહ્યું છે તેનું પાકું લક્ષ કરીને એટલે કે પરમાગમની સેવા, ઉપાસના કરીને અમે અમારો નિજ વૈભવ પ્રગટ કર્યો છે. ત્રિલોકનાથ દેવાધિદેવની દિવ્યધ્વનિ દ્વારા રચાયેલાં શાસ્ત્રો તે પરમાગમ છે, તેનાથી અમારા નિજ વૈભવનો જન્મ થયો છે.

વળી કેવો છે તે નિજ વિભવ?–કે સર્વજ્ઞ મહાવીર પરમાત્મા પરમગુરુથી માંડીને અપરગુરુ–ગણધરાદિથી અમારા ગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘન નિજ આત્મામાં અંતર્નિમગ્ન

હતા, તેમના પ્રસાદથી અનુગ્રહપૂર્વક અપાયેલા શુદ્ધાત્મતત્ત્વના ઉપદેશથી અમને અમારો નિજ વૈભવ પ્રગટ થયો છે. સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ કેવા હતા?–કે નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા. અરિહંતદેવથી માંડીને અમારા ગુરુ પર્યંત સર્વે નિર્મળ વિજ્ઞાનઘન નિજ આત્મામાં જ અંતર્નિમગ્ન હતા. તેઓના પ્રસાદ વડે શુદ્ધાત્માનો ઉપદેશ પામીને અમે નિજ વૈભવ પ્રગટ કર્યો છે.

વળી કેવો છે તે નિજ વૈભવ?–કે અનાકુળ આનંદથી ભરેલો આત્મા તેમાં એકાગ્રતા કરતાં અતીન્દ્રિય આનંદ નિરંતર ઝરે છે. સુંદર આનંદની મહોરછાપવાળા પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન વડે જેનો જન્મ થયો છે તે અમારો નિજ વૈભવ છે.

એ રીતે જે જે પ્રકારે અમને અમારા જ્ઞાનનો નિજ વૈભવ પ્રગટ થયો છે તે સમસ્ત વડે એકત્વ–વિભક્ત આત્માને દર્શાવું છું. સ્વભાવથી એકત્વ અને રાગથી વિભક્ત એવા આત્માને દર્શાવું છું, તેને તું પણ નિજસ્વભાવના એકત્વપૂર્વક અને રાગથી વિભક્તપણા પૂર્વક સ્વાનુભવપ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. 'હા પાડ તો હાલ્યો આવજે. '–જેવો આત્મા દર્શાવું છું તેને તું પોતે તારા અનુભવથી પ્રત્યક્ષ કરીને પ્રમાણ કરજે. રાગથી ભિન્ન પાડીને શાંતિના અનુભવ પૂર્વક પ્રમાણ કરજે.

આચાર્યદેવ કહે છે કે શાસ્ત્ર સમૂહનાં પ્રકરણ બહુ છે. તેમાં અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે; તેથી અર્થની પરીક્ષા કરવી અર્થાત્ એકત્વ–વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડું છું તેને સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરજે.

❀ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સત્ છે, તેમાં પર્યાય–સત્‌ને ગૌણ કરી, ગુણને દ્રવ્યમાં અભેદ કરી ત્રિકાળી ધ્રુવનો–દ્રવ્યસામાન્યનો સ્વીકાર કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયઅંશને ગૌણ કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી.

❀ કેવળજ્ઞાન પૂરું જાણે છે, દ્રવ્યને જાણે છે, પૂર્ણ શુદ્ધ પર્યાય છે તેને પણ જાણે છે, છતાં પર્યાય ઉપાદેય નથી, ત્રિકાળી દ્રવ્ય જ એક ઉપાદેય છે. કેવળજ્ઞાન સાધકને તો છે નહિ અને તેનું લક્ષ કરવા જતાં રાગ થાય છે. ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરતાં રાગ તૂટી નિર્વિકલ્પતા થાય છે, તેથી તે જ એક ઉપાદેય છે. આમ છતાં મોક્ષપર્યાય પરમ હિતકર છે. સંવર–નિર્જરા પર્યાય ઉપાદેય છે તેમ કહ્યું છે તે પ્રગટ કરવા લાયક છે એ અપેક્ષાથી કહ્યું છે. આશ્રય તરીકે આદર કરવા માટે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય એક જ ઉપાદેય છે ને બીજું બધું હેય છે.

# ❀ અભેદ આત્મસ્વભાવની ગુણભેદ દ્વારા સમજૂતી ❀

અભેદદ્રષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે સમજી શકાય છે એટલે કે દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદને ગૌણ કરવાથી જ અનંતગુણનો પિંડ એવો અભેદ આત્મા સારી રીતે સમજી શકાય છે –અનુભવી શકાય છે. તેથી ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે, પરંતુ ભેદનો સર્વથા અભાવ કહીને તેને વ્યવહાર કહ્યો નથી. વળી સરાગી જીવને ભેદદ્રષ્ટિમાં નિર્વિકલ્પતા થતી નથી, રાગ થાય છે. તેથી જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ કરાવવા માટે ભેદને ગૌણ કહીને વ્યવહાર કહ્યો છે.

[ તા. ૧૭-૧૨-૭૫ તથા તા. ૧૯-૧૨-૭૫ના પ્રવચનમાંથી ]

દર્શન–જ્ઞાન–ચારિત્ર એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે. તો એ તો ગુણભેદ થયા; એ રીતે ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે? તે પ્રશ્નનો ઉત્તર સમયસારની આ ગાથા દ્વારા સમજાવવામાં આવે છે.

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને,**

**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

જ્ઞાનીને અર્થાત્ આત્માને દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવ્યા છે. જ્ઞાયકભાવમાં ત્રણ ભેદ નથી. ત્રણના ભેદનું લક્ષ કરવા જાય છે ત્યાં વિકલ્પ ઊઠે છે અને તે વ્યવહારનો વિષય છે. નિશ્ચયથી તો જ્ઞાનીને જ્ઞાન પણ નથી, દર્શન પણ નથી ને ચારિત્ર પણ નથી. જ્ઞાની (આત્મા) તો એક શુદ્ધ જ્ઞાયકભાવ જ છે.

આ જ્ઞાયક આત્માને વિભાવભાવરૂપ અશુદ્ધપણું તો દૂર રહો અર્થાત્ છે જ નહીં, પણ તેને દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદ પણ નથી. અભેદ જ્ઞાયકભાવમાં ભેદની હૈયાતી જ નથી. સમ્યગ્દર્શનનો વિષય જે એકરૂપ અભેદ જ્ઞાયકભાવ તેમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદો વિદ્યમાન નથી.

તેમ છતાં અનંત ગુણોવાળા એક ધર્મમાં જે નિષ્ણાત નથી એટલે કે અનંત ગુણોવાળા એક જ્ઞાયકભાવને જેણે ઓળખ્યો નથી તેવા નિકટવર્તી શિષ્યને સમજાવવા માટે

નામથી ભેદ ઉપજાવીને વ્યવહારથી ઉપદેશ દેવામાં આવે છે કે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. સાંભળવા, સમજવા આવ્યો છે તેવો નિકટવર્તી શિષ્ય તથા જેની મુક્તિ નિકટમાં છે તેવો પાત્ર નિકટવર્તી શિષ્ય કે જે જ્ઞાયકભાવમાં નિષ્ણાત થયો નથી તેને સમજાવવા ગુરુ નામથી ભેદ ઉપજાવીને વ્યવહારમાત્રથી જ સમજાવે છે કે આત્માને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ વસ્તુમાં એવા ભેદ ખરેખર છે જ નહીં. ગુણ ને ગુણી સ્વભાવથી અભેદ હોવા છતાં નામથી ભેદ ઉપજાવીને કથન કરવામાં આવ્યું છે, ખરેખર તેવા ભેદો વસ્તુમાં છે જ નહીં. જેમ સુખડમાં સુગંધ, સુંવાળપ, વજન આદિ ગુણો એકરૂપ અભેદ હોવા છતાં સુગંધ તે સુખડ એમ ભેદ ઉપજાવીને સમજાવવામાં આવે છે, તેમ ત્રિકાળી અભેદ જ્ઞાયકનો અનુભવ કરાવવા ગુણ–ભેદથી કથન કરવામાં આવે છે.

જ્ઞાયકભાવમાં અનંતગુણો છે. જ્ઞાયકભાવ ને અનંતગુણો વસ્તુપણે અભેદ છે. તેમાં જ્ઞાન તે આત્મા–એવો ભેદ પાડીને જોવા જતાં દ્રષ્ટિમાં જ્ઞાયકભાવ આવતો નથી, કારણકે જ્ઞાયકભાવમાં ભેદ નથી, ને ભેદ પાડીને જોવા જાય છે એટલે અભેદ એવો જ્ઞાયકભાવ દ્રષ્ટિમાં આવતો નથી. ભેદ પાડીને જોવા જતાં વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે.

દ્રષ્ટિના વિષયમાં કોઈ પણ પ્રકારના ભેદો નથી. દ્રષ્ટિના વિષયમાં એકલો અભેદ જ્ઞાયકભાવ જ છે. સમ્યગ્દર્શનનો આશ્રય શુદ્ધ એક અભેદ જ્ઞાયકભાવ જ છે.

જેને અભેદ જ્ઞાયકભાવ સમજવો છે તેને સમજાવવા અર્થે નામથી ભેદ ઉપજાવીને જ્ઞાન તે આત્મા એમ અનુપચાર સદ્ભૂત વ્યવહારનયથી કહ્યું છે. પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એટલે કે સહવર્તી ગુણોને એક દ્રવ્ય પી ગયું હોવાથી અર્થાત્ જ્ઞાયકદ્રવ્ય ભેદ રહિત અનંત ગુણો સાથે અભેદ એક છે એવું કાંઈક–મળી ગયેલા આસ્વાદવાળું એકસ્વભાવી હોવાથી તેનો અનુભવ કરનાર એવા જ્ઞાનીને જ્ઞાન પણ નથી, દર્શન પણ નથી ને ચારિત્ર પણ નથી, તે તો એક શુદ્ધ જ્ઞાયક જ છે. એ રીતે છઠ્ઠી ગાથામાં શુદ્ધનિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવમાં ઉપચાર તથા અનુપચાર અસદ્ભૂત વ્યવહારનયનો તેમ જ ઉપચાર સદ્ભૂત વ્યવહારનયનો નિષેધ કર્યો છે, જ્યારે અહીં અનુપચાર સદ્ભૂત વ્યવહારનયનો નિષેધ કર્યો છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી. તો તેને વ્યવહાર કેમ કહેવાય? શરીરાદિની માફક પર્યાયો પરવસ્તુ તો નથી, દ્રવ્ય અને પર્યાયો સ્વવસ્તુ જ છે, તો પછી પર્યાયને–ભેદને વ્યવહાર કેમ કહેવાય?

તેનું સમાધાન કરાવતાં કહે છે કે ભાઈ? તારી એ વાત તો બરાબર છે કે ભેદો પરવસ્તુના નથી, સ્વવસ્તુના જ છે. પરંતુ અનાદિની જે પર્યાયદ્રષ્ટિ છે તેને છોડાવવા ને દ્રવ્યદ્રષ્ટિ કરાવવા અભેદની મુખ્યતાથી અહીં ઉપદેશ છે.

અભેદદ્રષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે, એટલે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદને ગૌણ કરવાથી જ અનંતગુણનો પિંડ એવો અભેદ આત્મા સારી રીતે અનુભવી–સમજી શકાય છે; તેથી ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

## * સરાગીને ભેદદ્રષ્ટિમાં નિર્વિકલ્પદશા થતી નથી, રાગ થાય છે. *

રાગી જીવ ગુણ અને ગુણી એવો ભેદ લક્ષમાં લેવા જશે તો નિર્વિકલ્પતા નહીં થાય પણ રાગ જ થશે. એક વસ્તુમાં અનંત ગુણો છે પણ તે અભેદરૂપે છે. તેથી આત્મા–( ગુણી ) ને દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણ એવો ભેદ પાડવા જતાં અભેદ નિર્વિકલ્પદ્રષ્ટિ થતી નથી પણ વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે.

દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય તે વાત તો દૂર રહી પણ જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો સાથે અભેદ એવા આત્માના ગુણભેદ પાડીને દ્રષ્ટિ કરવાથી પણ સમ્યગ્દર્શન થતું નથી, રાગ જ થાય છે. ભેદદ્રષ્ટિ તો પર્યાય છે અને ભેદદ્રષ્ટિમાં આત્મા ને તેના ગુણો એમ ભેદ લક્ષમાં લેવાથી રાગ થાય છે. અભેદદ્રષ્ટિ પણ પર્યાય છે પણ અભેદદ્રષ્ટિનો વિષય ગુણ–ગુણીના ભેદ રહિત અભેદ આત્મા છે તેને લક્ષમાં લેવાથી સમ્યગ્દર્શન તથા નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે.

ભેદને જાણવાથી રાગ થાય એવો નિયમ સર્વને લાગુ પડતો નથી. કેવળી પરમાત્મા તો લોકાલોકને તથા સકલ ભેદને જાણે છે પણ અરાગી હોવાથી તેમને રાગ થતો નથી, પરંતુ જ્યાં સુધી પોતે સરાગી છે ત્યાં સુધી ભેદનું લક્ષ કરીને જાણવા જશે તો રાગ થશે જ એવો નિયમ છે. રાગી હોવાથી ભેદદ્રષ્ટિથી વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે, નિર્વિકલ્પ દશા થતી નથી. આત્મામાં અનંત ગુણો હોવા છતાં ગુણી ને ગુણ એમ ભેદ પાડીને લક્ષ કરવા જતાં સરાગી હોવાથી વિકલ્પ ઊઠશે, રાગ થશે. તેથી સરાગી જ્યારે ગુણ–ગુણીના ભેદનું લક્ષ છોડીને એકલા અભેદ જ્ઞાયકભાવનું લક્ષ કરશે ત્યારે જ તેને નિર્વિકલ્પ દશા પ્રગટશે.

વીતરાગ થયા બાદ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે. તેથી જ્યાં સુધી રાગાદિક મટે નહીં ત્યાં સુધી ભેદને ગૌણ કરીને એકલા અભેદ જ્ઞાયકભાવને દ્રષ્ટિમાં લેવાથી નિર્વિકલ્પ અનુભવ થાય છે; તેથી અહીં ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

# ❀ જ્ઞાનગોષ્ઠી ❀

પ્રશ્નઃ– પર્યાયને નહિ માનવાથી તો એકાન્ત થઈ જાય છે?

ઉત્તરઃ– ‘પર્યાય નથી જ’ એમ નથી; શ્રદ્ધા કરે છે, જાણે છે, સ્થિરતા કરે છે એ પર્યાય જ છે, પણ પર્યાયનો આશ્રય કરવો તે વિપરીતતા છે. ચૈતન્યસામાન્યનો આશ્રય કરવા માટે પર્યાયને ગૌણ કરી નિષેધ કરવામાં આવે છે, પણ તેથી પર્યાય પર્યાયરૂપે સર્વથા છે જ નહીં–એમ નથી.

❀ એકરૂપ ધ્રુવ સામાન્યદ્રવ્ય તે પરમ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. તેમાં નિર્મળ પર્યાયને ભેળવીને દેખવું તે મેચકપણું હોવાથી અશુદ્ધનયનો વિષય છે, મલિનતા છે, સોપાધિક છે, સમ્યગ્દર્શનનો વિષય નથી.

एक देखिये जानिये, रमि रहिये इक ठौर।
समल विमल न विचारिये, यहै सिद्धि नहि और।।

એકરૂપ ધ્રુવ ચૈતન્ય એ જ એક સમ્યગ્દર્શનનો વિષય છે.

❀ શરીરાદિ નોકર્મને તથા દ્રવ્યકર્મને બાહ્યતત્ત્વ કહેવું હોય ત્યારે રાગને સ્વતત્ત્વ કહેવાય; રાગને બાહ્યતત્ત્વ કહેવું હોય ત્યારે નિર્મળ પર્યાયને સ્વતત્ત્વ કહેવાય; નિર્મળ પર્યાયને બાહ્યતત્ત્વ કહેવું હોય ત્યારે ત્રિકાળી દ્રવ્યને સ્વતત્ત્વ કહેવાય; રાગને કે નિર્મળ પર્યાયને અપેક્ષાથી બાહ્યતત્ત્વ તેમ જ સ્વતત્ત્વ બંને કહેવાય, પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને તો સર્વથા પ્રકારે સ્વતત્ત્વ જ કહેવાય અને તે એક જ દ્રષ્ટિનો વિષય હોવાથી ઉપાદેય છે.

પ્રશ્નઃ– પરની પર્યાયને પરદ્રવ્ય કહો પણ સ્વની નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કેમ કહો છો?

ઉત્તરઃ– પરદ્રવ્યના લક્ષની જેમ નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઊઠતો હોવાથી એ પણ ખરેખર પરદ્રવ્ય છે. તે દ્રવ્યથી સર્વથા ભિન્ન છે એમ જોર દીધા વિના દ્રષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી, તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમ સત્‌સ્વભાવ એવા દ્રવ્યસામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે.

પ્રશ્નઃ– જેમ ક્રિયાનયથી સિદ્ધિ સાધ્ય છે તેવો એક ધર્મ છે અને જ્ઞાનનયથી સિદ્ધિ સાધ્ય છે તેવો પણ એક ધર્મ છે; તેવી રીતે ત્રિકાળી દ્રવ્યના આશ્રયે પણ સમ્યગ્દર્શન થાય અને નિર્મળ પર્યાય સહિત દ્રવ્યના આશ્રયે પણ સમ્યગ્દર્શન થાય, એમ છે?

ઉત્તરઃ– ના; એક જ સમયે જાણવા લાયક ક્રિયાનય ને જ્ઞાનનય ઇત્યાદિ અનંત ધર્મો છે. પરંતુ સમ્યગ્દર્શનનો વિષય એક નયે ત્રિકાળી દ્રવ્ય પણ છે ને બીજા નયથી જોતાં પર્યાય સહિતનું દ્રવ્ય પણ સમ્યગ્દર્શનનો વિષય બને એવો કોઈ ધર્મ જ નથી. સમ્યગ્દર્શનનો વિષય તો માત્ર ભૂતાર્થ એવું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય (–પર્યાય રહિતનું) જ છે. તેના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે, અન્યથા સમ્યગ્દર્શન થતું નથી.

પ્રશ્નઃ– શુદ્ધ–અશુદ્ધ પર્યાયોનો પિંડ તે દ્રવ્ય કહ્યું છે ને?

ઉત્તરઃ– એ તો નિશ્ચયાભાસી જીવ પર્યાયને સર્વથા માનતો જ નથી તે અપેક્ષાથી તેને સમજાવવા શુદ્ધ–અશુદ્ધ પર્યાયોનો પિંડ તે દ્રવ્ય એમ કહ્યું છે, પણ તેથી દ્રવ્યમાં શુદ્ધ–અશુદ્ધ પર્યાયો વર્તમાનરૂપે પડી છે તેમ કહેવું નથી. દ્રવ્ય તો શક્તિરૂપ એકલું પારિણામિક ભાવે જ છે, પર્યાયને જે સર્વથા માનતો નથી તેને કહે છે કે ભાવીની પર્યાયો દ્રવ્યમાં શક્તિરૂપ છે ને ભૂતની પર્યાયો દ્રવ્યમાં યોગ્યતારૂપ છે. પર્યાયો સર્વથા નથી જ એમ નથી એટલું જાણવા માટે કહ્યું છે.

પ્રશ્નઃ– નયોને ઇન્દ્રજાળ કેમ કહી છે?

ઉત્તરઃ– નયોમાં અનેક પ્રકારની અપેક્ષા પડે છે, તે દ્વારા વસ્તુમાં રહેલા કથંચિત્ પરસ્પર વિરુધ્ધ ધર્મો બતાવે છે. સ્યાદવાદથી તેનું સાચું સ્વરૂપ ન સમજે તો તેને ઇન્દ્રજાળ જેવી ગૂંચવણી લાગે છે. જેમ કે એક નય દ્રવ્યને નિત્ય કહે છે ત્યારે બીજી નય દ્રવ્યને અનિત્ય કહે છે; એક નય દ્રવ્યને એકરૂપ કહે છે, બીજી નય દ્રવ્યને અનેકરૂપ કહે છે; એક નય દ્રવ્યને સત્રૂપ કહે છે, બીજી નય દ્રવ્યને અસત્રૂપ કહે છે; એક નય ક્રિયાથી મુક્તિ કહે છે, ત્યારે બીજી નય જ્ઞાનથી મુક્તિ કહે છે; એક નય કર્મનોકર્મને વ્યવહાર કહી રાગને નિશ્ચય કહે છે, વળી તે જ રાગને એક નય વ્યવહાર કહીને નિર્મળ પર્યાયને નિશ્ચય કહે છે. વળી નિર્મળ પર્યાયને વ્યવહાર કહીને ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને નિશ્ચય કહે છે. આ રીતે નયો વસ્તુના અનેક ધર્મોને બતાવે છે, પણ જે યથાર્થ ન સમજે તેને ઇન્દ્રજાળ જેવી ગૂંચવણી લાગે છે. ખરેખર તો નયો વસ્તુના સ્વરૂપનું અનેકાન્તપણું બતાવી સમ્યક્ એકાંત એવા ત્રિકાળી ધ્રુવ સામાન્યદ્રવ્યનો આશ્રય કરાવે છે. તે આ નયોને જાણવાનું પ્રયોજન છે.

❀ અક્ષરાર્થ ભાવાર્થ વગેરે પાંચ બોલથી શાસ્ત્રનો અર્થ કરવાનું આચાર્યદેવે કહ્યું છે. જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન રોકાય એ તો અક્ષરાર્થ થયો, જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન રોકાતું નથી પણ પોતાના જ કારણે જ્ઞાન હીણું થયું છે તે ભાવાર્થ થયો. પરના કારણે જ્ઞાન હીણું થયું છે તેમ માનવું એ તો દ્રષ્ટિ જ ખોટી છે, પણ જ્ઞાન પોતાના જ કારણે હીણું છે એમ જાણવું તે સત્ય છે. એમ જાણીને પણ હીણી પર્યાય છે તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસામાન્યનું લક્ષ કરવું તે ભાવાર્થ છે. એ જ ભાવાર્થ જાણવાનું પ્રયોજન છે.

નિયમસારમાં ચાર ભાવોથી આત્મા અગોચર કહ્યો છે અર્થાત્ ક્ષાયિકભાવથી આત્મા જણાતો નથી તે અક્ષરાર્થ છે. તે અક્ષરાર્થ પણ ભાવાર્થથી જ સફળ છે. તેનો ભાવાર્થ એ છે કે ક્ષાયિકભાવના આશ્રયે આત્મા જણાતો નથી, તેથી આશ્રય અપેક્ષાએ ક્ષાયિકભાવથી અગોચર કહ્યો છે. આત્માને જાણનાર તો નિર્મળ પર્યાય પોતે જ છે, છતાં નિર્મળ પર્યાયના આશ્રયે ત્રિકાળી આત્મા જણાતો નથી.

❀ સમયસાર ગાથા ૧૩માં, નવતત્ત્વરૂપ પર્યાયોમાં અન્વયપણે રહેલું ભૂતાર્થ એકરૂપ સામાન્ય ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે એમ કહ્યું છે. પંચાધ્યાયી ( અધ્યાય ૨ ) માં પણ કહ્યું છે કે ભેદરૂપ નવતત્ત્વમાં સામાન્યરૂપે રહેલું એટલે કે ધ્રુવરૂપે રહેલું તે જીવનું શુદ્ધ ભૂતાર્થસ્વરૂપ છે. આ રીતે ભેદરૂપ નવતત્ત્વોથી ભિન્ન શુદ્ધ જીવને બતાવી તેને સમ્યગ્દર્શનનો વિષય એટલે કે ધ્યેયરૂપ બતાવેલ છે.

❀ જીવની શ્રદ્ધાપર્યાય ધ્યેયભૂત સામાન્ય ધ્રુવ દ્રવ્યસ્વભાવ તરફ ઢળે છે ત્યારે જ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે. તે વખતે દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ સર્વ ગુણોના પરિણામ ( –પર્યાય ) સ્વભાવ સન્મુખ ઢળે છે; માત્ર શ્રદ્ધા–જ્ઞાનના જ પરિણામ ઢળે છે એમ નથી. "×××वहाँ सर्व परिणाम उस रूपमें एकाग्र होकर प्रवर्तते हैं; ×××" ( પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. )

❀ નિયમસારમાં ( ભક્તિ–અધિકારમાં ) દર્શન–જ્ઞાન–ચારિત્રના પરિણામનું ભજન તે ભક્તિ છે, એમ કહ્યું તે વ્યવહારનયથી કહ્યું છે પણ એનો ભાવાર્થ, ધર્મી જીવ ધ્રુવ આત્માની જ ભક્તિ–સેવા–ઉપાસના કરે છે, એમ સમજવો. સમયસાર ગાથા ૧૬માં દર્શન–જ્ઞાન–ચારિત્ર સદા સેવવાં યોગ્ય છે તેમ કહ્યું તે વ્યવહારથી સમજાવ્યું છે; પરમાર્થથી તો એકરૂપ ધ્રુવ આત્માને જ સેવવાનો છે. વ્યવહારથી સમજાવવામાં આવે છે, તોપણ સમજાવનાર અને સમજનારે વ્યવહારમાં ઊભા રહેવાનું નથી. સમયસારની ૮ મી ગાથાની

ટીકામાં પણ એમ જ કહ્યું છે કે, "××× વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવા યોગ્ય છે; તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું–એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી." જ્યાં જ્યાં શુદ્ધ પર્યાયની સેવા કરવાનું, ધ્યાન કરવાનું કહ્યું ત્યાં ત્યાં એ સમજાવવાની એક પ્રકારની શૈલીનાં કથન છે, નિર્મળ પર્યાય પ્રગટે છે તે અપેક્ષાથી કહ્યું છે, એમ સમજવું.

❀ સમયસારની ૬ ઠ્ઠી ગાથાની ટીકામાં આત્મા અન્ય દ્રવ્યભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે, એમ કહ્યું, ત્યાં અન્ય દ્રવ્યથી લક્ષ છૂટે છે ને સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે પર્યાય પણ ગૌણ થઈ જાય છે ને એકલા ધ્રુવ દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ જાય છે; એ દ્રવ્યની સેવા કરી કહેવાય છે.

❀ ધ્રુવ દ્રવ્યસ્વભાવ સાથે નિર્મળ પર્યાય ભેળવવાથી દ્રષ્ટિનો વિષય થાય છે એમ માનનાર, વ્યવહારથી નિશ્ચય થવાનું માનનારની જેવા જ, મિથ્યાદ્રષ્ટિ છે; એનું જોર પર્યાય ઉપર છે ધ્રુવસ્વભાવ ઉપર નથી.

❀ સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય સાથે ઉત્પાદરૂપ નિર્મળ પર્યાયને ભેગી લેવાથી તે નિશ્ચયનયનો વિષય ન રહેતાં પ્રમાણનો વિષય થઈ જાય છે, અને પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનો વિષય છે. નિશ્ચયનયનો વિષય અભેદ એકરૂપ દ્રવ્ય છે, પ્રમાણની જેમ ઉભય–અંશગ્રાહી નથી. જો પર્યાયને દ્રવ્ય સાથે ભેળવવામાં આવે તો તે, નિશ્ચયનયનો વિષય ત્રિકાળી સામાન્ય છે તે રહેતો નથી, પણ પ્રમાણનો વિષય થઈ જતો હોવાથી, દ્રષ્ટિમાં ભૂલ છે, વિપરીતતા છે.

❀ અનિત્ય તે નિત્યને જાણે છે; પર્યાય તે દ્રવ્યને જાણે છે; પર્યાયરૂપ વ્યવહાર છે તે નિશ્ચયરૂપ ધ્રુવદ્રવ્યને જાણે છે; ભેદ છે તે અભેદ દ્રવ્યને જાણે છે; પર્યાય તે જાણનાર એટલે કે વિષયી છે ને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે (જાણનાર પર્યાયનો) વિષય છે. જો દ્રવ્યની સાથે નિર્મળ પર્યાયને ભેળવીને નિશ્ચયનયનો વિષય કહેવામાં આવે તો વિષય કરનાર પર્યાય તો કોઈ જુદી રહી નહી. જો પર્યાયને વિષય કરનાર તરીકે દ્રવ્યથી જુદી લેવામાં આવે તો જ વિષય–વિષયી બે ભાવ સિદ્ધ થઈ શકે છે; પરંતુ અન્યથા માનવાથી મહા વિપરીતતા થાય છે.

❀ શ્રુતજ્ઞાનની પર્યાય તે પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન પોતે પર્યાય હોવાથી અવ્યવહાર છે. વીતરાગી પર્યાય પોતે વ્યવહાર છે; પરંતુ તેણે ત્રિકાળી દ્રવ્યરૂપ નિશ્ચયનો આશ્રય

લીધો હોવાથી તે નિર્મળ પર્યાયને નિશ્ચયનય કહ્યો છે, પણ તે પર્યાય હોવાથી છે તો વ્યવહાર.

❀ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. પરનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, પર્યાયનું લક્ષ છોડી, ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરે ત્યારે વીતરાગતા પ્રગટે છે; જો ત્રિકાળી દ્રવ્યરૂપ ધ્યેયમાં પર્યાયને ભેગી લે તો, એ વાત રહેતી નથી.

❀ સમયસાર ગા. ૪૯ ની ટીકામાં ત્રિકાળી સામાન્ય ધ્રુવ દ્રવ્યથી નિર્મળ પર્યાયને ભિન્ન બતાવતાં કહ્યું છે કે, 'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. ' આ 'અવ્યક્ત' વિશેષણથી ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કહ્યું છે; એના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટે છે છતાં એ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય વ્યક્ત એવી નિર્મળ પર્યાયને સ્પર્શતું નથી. એ અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યથી નિર્મળ પર્યાય ભિન્ન છે એમ કહ્યું છે.

❀ પ્રવચનસાર ગા. ૧૭૨ માં અલિંગગ્રહણના ૧૮ મા બોલમાં કહ્યું છે કે આત્મામાં અનંતગુણો હોવા છતાં તે ગુણોના ભેદને આત્મા સ્પર્શતો નથી, કારણકે ગુણના ભેદને લક્ષમાં લેતા વિકલ્પ ઊઠે છે, નિર્વિકલ્પતા થતી નથી. શુદ્ધ નિશ્ચયનયથી એકરૂપ અભેદ સામાન્ય ધ્રુવ દ્રવ્યને લક્ષમાં લેતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પતા થાય છે. તેથી આત્મા ગુણોના ભેદને સ્પર્શતો નથી એમ કહ્યું છે; અને ૧૯ મા બોલમાં આત્મા પર્યાયના ભેદને સ્પર્શતો નથી એટલે જેમ ગુણો ધ્રુવમાં છે છતાં તેના ભેદને સ્પર્શતો નથી તેમ ધ્રુવમાં પર્યાયો છે અને સ્પર્શતો નથી એમ કહેવું નથી, પણ ધ્રુવસામાન્યથી પર્યાય ભિન્ન જ છે. એવા પર્યાયના ભેદને આત્મા સ્પર્શતો નથી એમ કહીને નિશ્ચયનયના વિષયમાં એકલું સામાન્ય દ્રવ્ય જ આવે છે–એમ બતાવ્યું છે.

❀ પચ્ચીસ ત્રીસ વર્ષના ફાટેલા જુવાન શરીરને લોકો જુવાની માને છે; પણ એ તારી જુવાની તો ઘડપણ થવાનાં ઝોલાં ખાય છે, એ ખરી જુવાની નહિ; ખરી જુવાની તો સુધાના સાગરને ઊછાળવાને પૂર્ણચંદ્રસમાન આત્માની દૃષ્ટિ કરી સ્વરૂપરમણતા પ્રાપ્ત કરવી એ ખરી જુવાની છે, ને કેવળજ્ઞાન થાય એ ઘડપણ છે –એ તેનું ફળ છે.

❀ આઠ દસ હજારના પગાર અને બે–પાંચ–પચીસ લાખની કમાણી થાય એ બધુ તો વિનાશી છે જ, પણ અહીં તો રાગ થાય છે એ પણ વિનાશી છે, અને સંવર, નિર્જરા, મોક્ષ તથા કેવળજ્ઞાનનો પર્યાય થાય એ પણ ઉત્પાદવ્યયશીલ પરિણામ હોવાથી વિનાશી છે. ભગવાન આત્મા જ એક ત્રિકાળ અવિનાશી છે. એનું શરણ ને આશ્રય કરવા જેવો છે.

❁ પુણ્યથી વૈભવ મળે છે, વૈભવથી મદ ચડે છે, મદથી મતિ ભ્રષ્ટ થઈ જાય છે, અને તેથી પાપ કરીને દુર્ગતિમાં ચાલ્યો જાય છે, માંસ ખાવા આદિના અતિ સંક્લેશ પરિણામ ન હોય તો નરકમાં ન જાય પણ કાગડા–કુતરા આદિ પશુની હલકી ગતિમાં ચાલ્યો જાય છે.

❁ અરે ભાઈ! અનાદિકાળથી રખડતાં–રખડતાં અનંત ભવો કર્યા, તારાં મરણ પાછળ તારી માતાએ અત્યાર સુધીમાં એટલાં રુદનનાં આંસું પાડયાં કે દરિયા ભરાય. દેહ તો વેદનાની મૂર્તિ છે, શરીરના એકેક તસુમાં છન્નુ–છન્નુ રોગ ભર્યા છે, એ રોગની વેદનાનાં દુઃખો તેં એટલાં ભોગવ્યાં કે જેને જોઈને તારી માતાએ જે આંસુ પાડયા તેના દરિયા ભરાય; પણ આત્માને જાણ્યા વિના એ દુઃખના આરા ન આવ્યા. ભાઈ! આવો દુર્લભ યોગ મળ્યો છે, એ દુઃખોથી છુટવાનાં ટાણાં આવ્યાં છે. ને આંખ નહીં ઉઘાડ તો તારા ઉતારા ક્યાં થશે!!

પ્રશ્નઃ– નયવિવક્ષામાં બારમા ગુણસ્થાન સુધી અશુદ્ધનિશ્ચયનય હોય છે, ત્યાં અશુદ્ધ–નિશ્ચય મધ્યે શુદ્ધોપયોગ શી રીતે ઘટે?

ઉત્તરઃ– વસ્તુના એકદેશની પરીક્ષા તે નયનું લક્ષણ છે; અને શુભ, અશુભ તથા શુદ્ધ દ્રવ્યનું અવલંબન તે ઉપયોગનું લક્ષણ છે; તેથી અશુદ્ધનિશ્ચય મધ્યે પણ શુદ્ધાત્માનું અવલંબન હોવાથી, શુદ્ધ ધ્યેય હોવાથી અને શુદ્ધ સાધક હોવાથી શુદ્ધોપયોગપરિણામ ઘટે છે.

❁ અશુદ્ધનય ભલે બારમા ગુણસ્થાન સુધી હોય, પણ સાધક જીવને તેના ઉપયોગનું આલંબન ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકભાવ છે, તેનું ધ્યેય શુદ્ધ છે, અને તે શુદ્ધનો સાધક છે, તેથી તેને, અશુદ્ધનય હોવા છતાં, પર્યાયમાં શુદ્ધોપયોગ હોય છે.

પ્રશ્નઃ– આત્મામાં અનંત ગુણો છે. તે ગુણભેદનું લક્ષ છોડવાથી નિર્વિકલ્પતા થાય છે, તો તેમાં અનંત ગુણોનું જ્ઞાન ચાલ્યું જતું નથી?

ઉત્તરઃ– આત્મામાં અનંત ગુણો છે તેનું જ્ઞાન કરીને તેના ભેદનું લક્ષ છોડતાં જ્ઞાન ચાલ્યું જતું નથી, ભેદનો વિકલ્પ છૂટી દ્રષ્ટિ અભેદ થતાં નિર્વિકલ્પતામાં અનંત ગુણોનો સ્વાદ આવે છે.–અનુભવ થાય છે.

❁ સમયસાર ગાથા ૭ ની ટીકામાં અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું છે એમ કહ્યું છે. ત્યાં ‘પર્યાય’ શબ્દથી સહવર્તી ગુણો કહ્યા છે. સમયસારની ૨૯૪ મી ગાથાની ટીકામાં પણ સહવર્તી ગુણોને ‘પર્યાય’ શબ્દથી કહ્યા છે. અનંત ગુણોને દ્રવ્ય પી

ગયું છે એટલે અનંત ગુણમય અભેદરૂપ એક અખંડ આત્મા છે.

❁ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડ અભેદ એકરૂપ છે. એમાં આ અશુદ્ધ પર્યાયવાળો આત્મા ને આ શુદ્ધ પર્યાયવાળો આત્મા, એમ એકરૂપ આત્મામાં બે ભેદ પાડવા તે કુબુદ્ધિ છે; એકરૂપ જ્ઞાયકભાવમાં આ બહિરાત્મા અને આ અંતર–આત્મા એવા ભેદ કરે છે તે પર્યાયબુદ્ધિ છે. શુદ્ધ નિશ્ચયનયનો વિષય ત્રિકાળ શુદ્ધ એકરૂપ આત્મા પર્યાય વિનાનો છે; એમાં પર્યાયભેદ પાડવાનો વિકલ્પ કરે છે ( –દૃષ્ટિ કરે છે ) તે મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્નઃ– પર્યાયના ભેદ જાણવામાં તો આવે છે ને ?

ઉત્તરઃ– પર્યાયનું યથાયોગ્ય જ્ઞાન કરવું તે બરાબર છે, પણ શુદ્ધ અખંડ અભેદ આત્માને પર્યાયના ભેદરૂપ માને છે તેને કુબુદ્ધિ કહ્યો છે. ( નિયમસાર કળશ ૨૬૧ )

પ્રશ્નઃ– પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે ને ?

ઉત્તરઃ– આખા દ્રવ્યને પ્રમાણજ્ઞાનથી જોતાં પર્યાય કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે એમ કહેવાય પણ શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવની અપેક્ષાથી જોતાં ખરેખર દ્રવ્યથી પર્યાય ભિન્ન જ છે. પર્યાયાર્થિકનયથી જોતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પ્રયોજનની સિદ્ધિ માટે તો પર્યાયને ગૌણ કરી, અવિદ્યમાન જ ગણી, ત્રિકાળી ધ્રુવ સ્વભાવને મુખ્ય કરી ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે.

❁ પ્રમત્તપર્યાય પરદ્રવ્યના નિમિત્તથી મલિન થાય છે એમ કહ્યું પણ અપ્રમત્તપર્યાયને પણ પરદ્રવ્યના સંયોગજનિત કહી દીધી છે. ઔદયિકાદિ ચાર ભાવને આવરણવાળા કહ્યા છે. કેવળજ્ઞાનની ક્ષાયિક પર્યાય પણ કર્મકૃત ( પંચાસ્તિકાયમાં ) કહી છે કારણકે તેમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે. ચાર ભાવો તે જ્ઞાયકસ્વભાવમાં નથી, કર્મની અપેક્ષા આવવાથી કર્મકૃત કહ્યા છે.

❁ ભગવાને કહેલાં દ્રવ્ય–ગુણ–પર્યાયના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં સમર્થ એવો દ્રવ્યલિંગી મુનિ દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેમાં તો ચિત્તને જોડે છે, પણ નિત્યાનંદ પ્રભુ નિજ કારણપરમાત્મામાં ક્યારેય ચિત્તને જોડતો નથી તેથી તે અન્યવશ છે. પર એવા વિકલ્પોને વશ થતો હોવાથી અન્યવશ છે. દ્રવ્ય–ગુણ–પર્યાયના વિકલ્પમાં ચિત્તને જોડે છે તે ઝેરના પ્યાલા પીએ છે. નિત્યાનંદ નિજ કારણપરમાત્મામાં ચિત્તને જોડે છે તે અનાકુલ આનંદરસના પ્યાલા પીએ છે.

## ❀ વૈરાગ્ય સમાચાર ❀

❀ મુંબઈ નિવાસી સૌ. કંચનબેન હિંમતલાલ વોરા ( રાજકોટવાળા શ્રી પ્રભુદાસ પારેખનાં પુત્રી તથા ડો. પ્રવિણભાઈ દોશીનાં માસી ) નો તા. ૧૪–૧૨–૭૫ ના દિને, જમવા માટે બેઠા હતા ને કોઈપણ જાતની બિમારી વિના વાત કરતાં–કરતાં હૃદય બંધ પડી જવાથી, ૫૬ વર્ષની વયે દેહવિલય થયો છે. ( અહો ! ક્ષણભંગુરતા તો જુઓ ! હજુ તો જમવા માટે ભાણે બેઠા હતા ને ભાણું પીરસાય તે પહેલાં બીજા ભવમાં ચાલી નીકળ્યા ) સદ્ગતને પરમ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણી ભક્તિ હતી, વારંવાર સોનગઢ લાભ લેવા આવતા. તત્ત્વજ્ઞાનનો ઊંડો રસ હતો ને મુંબઈમાં ધાર્મિક વાંચનનો પૂરો લાભ લેતા. પૂ. ગુરુદેવના સત્સંગમાં નિરંતર રહેવાની ભાવના હતી.

❀ બોટાદવાળા ગાંધી નંદલાલભાઈ રાયચંદભાઈ ( ઉ. વ. ૮૧ ) તા. ૧૬–૧૨–૭૫ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. સદ્ગતને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. પૂ. ગુરુદેવના ઘણા જૂના પરિચયમાં હતા તથા અવારનવાર સોનગઢ પૂ. શ્રી ગુરુદેવનો લાભ લેવા આવતા. મરણ સમયે છેવટ સુધી પૂ. ગુરુદેવનું રટણ કરતા હતા.

❀ દામનગર નિવાસી શ્રી રતિલાલ કાળીદાસ તા. ૨૮–૧૨–૭૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ઘણી ભક્તિ હતી. પૂ. ગુરુદેવની વાણીનો લાભ લેવા વારંવાર આવતા. છેલ્લા કેટલાક સમયથી તેઓ સોનગઢમાં રહેતા હતા.

❀ સાવરકુંડલા નિવાસી વૃજલાલ હરીચંદ મહેતા ( ઉં. વ. ૬૬ ) તા. ૨૦–૧૨–૭૫ ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ અરિહંત અરિહંત બોલતાં બોલતાં દેહ છોડયો હતો. તેઓને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ઘણો જ ભક્તિ ભાવ હતો.

❀ બોટાદવાળા સ્વ. શાંતિલાલ ગાંધીના ધર્મપત્ની સમરતબેન ( ઉં. વ. ૯૭ ) તા. ૨૭–૧૨–૭૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દેવ–ગુરુ–ધર્મના આશ્રયે આગળ વધી આ સદ્ગત આત્માઓ શાશ્વત શાંતિને પ્રાપ્ત કરો એ જ ભાવના. * * *

શ્રી પદ્મનંદિઆચાર્યદેવ કહે છે કે–

જે મનુષ્ય પર્વતની અત્યંત ઊંચી ટોચ પર પવનના ઝપાટા ખાતી દીવાની જ્યોત સમાન ચંચળ, ક્ષણભંગુર એવાં દેહ, સંપદા, સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ સ્નેહીજનમાં અભિમાન કરે છે તે મનુષ્ય ઉન્માદિત થઈને આકાશને મુઠ્ઠીથી મારતો, તથા અત્યંત આકુળ–વ્યાકુળ થઈને સૂકી નદીમાં તરતો તથા તૃષાથી આકુલિત થઈને મૃગજળ પીતો હોય એમ જણાય છે.

## ❀ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ પ્રવાસનો ક્રમ ❀

– ( વિ.સં. ૨૦૩૨ )

**લીંબડી: મહા વ. ૮ થી ૧૨ ( વ. ૧૦ ક્ષય ) સોમ થી ગુરુ; ફેબ્રુ ૨૩ થી ૨૬; ( ૪ દિવસ )**

| | | | | |
|---|---|---|---|---|
| વઢવાણ: | મહા વ. ૧૩ થી ફા. સુ. ૮; | શુક્ર થી સોમ; | ફેબ્રુ. ૨૭ થી માર્ચ ૮; | ( ૧૧ દિવસ; ફા. સુ. ૧ થી પ્રતિષ્ઠામહોત્સવ ) |
| રાજકોટ: | ફા. સુ. ૯ થી ફા. વ. ૫; | મંગળ થી શનિ | માર્ચ ૯ થી ૨૦; | ( ૧૨ દિવસ ) |
| જામનગર: | ફા. વ. ૬ થી ૯; | રવિ થી બુધ; | માર્ચ ૨૧ થી ૨૪; | ( ૪ દિવસ ) |
| વાંકાનેર: | ફા. વ. ૧૦ થી ૧૩; | ગુરુ થી રવિ; | માર્ચ ૨૫ થી ૨૮; | ( ૪ દિવસ ) |
| મોરબી: | ફા. વ. ૧૪ થી ચૈ. સુ. ૨; | સોમ થી ગુરુ | માર્ચ ૨૯ થી એ. ૧ | ( ૪ દિવસ ) |
| સુરેન્દ્રનગર: | ચૈ. સુ. ૩ | શુક્રવાર, | એપ્રિલ ૨; | ( ૧ દિવસ ) |
| અમદાવાદ: | ચૈ. સુ. ૪ થી ૭; | શનિ થી મંગળ; | એપ્રિલ ૩ થી ૬; | ( ૪ દિવસ ) |
| ઘાટકોપર( મુંબઈ ) | ચૈ. સુ. ૮ થી ૧૧; | બુધ થી શનિ; | એપ્રિલ ૭ થી ૧૦; | ( ૪ દિવસ ) |
| મલાડ: ( મુંબઈ ) | ચૈ. સુ. ૧૨ થી ૧૫; | રવિ થી બુધ; | એપ્રિલ ૧૧થી ૧૪; | ( ૪ દિવસ ) |
| દાદર:( મુંબઈ ): | ચૈ. વ. ૧ થી વૈ. સુ. ૩; | ગુરુ થી રવિ | એપ્રિલ ૧૫ થી મે ૨ | ( ૧૮ દિવસ ) |
| અમદાવાદ: | વૈ. સુ. ૪; | સોમવાર; | મે ૩; | ( ૧ દિવસ ) |
| સુરેન્દ્રનગર: | વૈ. સુ. ૫ થી ૮; | મંગળ થી શુક્ર; | મે ૪ થી ૭; | ( ૪ દિવસ ) |
| જોરાવરનગર: | વૈ. સુ. ૯–૧૦; | શનિ–રવિ; | મે ૮–૯; | ( ૨ દિવસ ) |
| રાણપુર: | વૈ.સુ.૧૧થી૧૫( ૧૩ક્ષય ) | સોમ થી ગુરુ | મે ૧૦ થી ૧૩; | ( ૪ દિવસ ) |
| બોટાદ: | વૈ. વ. ૧ થી ૮; | શુક્ર થી શુક્ર; | મે ૧૪ થી ૨૧; | ( ૮ દિવસ ) |
| વીંછીયા: | વૈ. વ. ૯ થી ૧૪; | શનિ થી ગુરુ; | મે ૨૨ થી ૨૭; | ( ૬ દિવસ ) |
| સાવરકુંડલા: | વૈ.વ.૩૦થીજે.સુ.૨(સુ.૧બે) | શુક્ર થી સોમ; | મે ૨૮ થી ૩૧ | ( ૪ દિવસ ) |
| કાનાતળાવ: | જે. સુ. ૩–૪; | મંગળ–બુધ | જુન ૧–૨; | ( ૨ દિવસ ) |
| સોનગઢ: | જે. સુ. ૬ ( સુ. ૫ ક્ષય ); | ગુરુવાર; | જુન ૩. | |

# વિવિધ સમાચાર

* પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ સુખશાતામાં બિરાજે છે, સ્વાસ્થ્ય સારું છે. પ્રવચનમાં બપોરે સમયસારની ૧૪ મી ગાથા ચાલે છે, સવારે નિયમસારમાં પરમ–આવશ્યક–અધિકાર પૂરો કરી પહેલો જીવ–અધિકાર ( કે જે પહેલાં છોડી દીધો હતો તે ) લીધો છે. તેની ૧૧–૧૨ મી ગાથા ચાલે છે.
* વઢવાણ શહેરમાં શ્રી વર્દ્ધમાનસ્વામીના નૂતન દિગંબર જિનમંદિરનું નિર્માણકાર્ય ઝડપથી ચાલે છે. ત્યાં શ્રી જિનબિંબ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ ફાગણ સુદ ૧ થી ૮, તદ્દનુસાર તા. ૧ થી ૮ માર્ચ સુધી ખૂબ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. આ પંચકલ્યાણકપ્રતિષ્ઠા નિમિત્તે પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ મહા વદ ૧૩, તા. ૨૭–૨–૭૬ ના દિને સવારે વઢવાણશહેર પધારશે. પ્રશાંતમૂર્તિ પવિત્રાત્મા ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પાવન જન્મભૂમિ –વર્ધમાનપુરી–માં પૂજ્ય ગુરુદેવશ્રીના મંગળ પ્રભાતથી પ્રાપ્ત થનાર જિનેન્દ્રભગવાનના આ માંગલિક પંચકલ્યાણકમહોત્સવને આનંદપૂર્વક ઊજવવાની મુમુક્ષુમંડળને ઘણી હોંશ છે. આ ભવ્ય મહોત્સવની ઉજવણીમાં સહભાગી થવા સર્વ મુમુક્ષુમંડળોને નિમંત્રણ–પત્રિકા સમયસર પાઠવવામાં આવશે.

  વઢવાણ શહેરમાં પૂજ્ય ગુરુદેવ સવારે સમયસારની ૧૧ મી ગાથા તથા બપોરે પદ્મનંદિ પંચવિંશતિમાંથી શ્રી ઋષભજિન–સ્તોત્ર ઉપર પ્રવચનો આપશે.
* પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ પ્રવાસનો ક્રમ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે.

* * *

* પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન, શ્રવણ, મનન આદિ બધું હોય પણ અંદર શુભભાવથી સંતોષાય ન જવું, શુભકાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું હોય છતાં પણ માર્ગ તો કોઈ જુદો જ છે. શુભાશુભભાવથી રહિત માર્ગ અંદર છે એ લક્ષ રહેવું જોઈએ.
* ગમે તેવા પ્રસંગોમાં તારા સત્‌સ્વભાવને ચૂકીશ નહિ; સત્‌સ્વભાવને કોઈ પણ સંયોગ કે પરિસ્થિતિમાં ચૂકીશ નહિ. દરેક કાર્યમાં આત્માર્થતાનું લક્ષ હોવું જોઈએ.
* ધ્યેયને ભૂલીશ નહિ, પ્રયત્નને છોડીશ નહિ, ભલે આકાશ પાતાળ એક થાય તોપણ તારું ધ્યેય ચૂકીશ નહીં. આમ કરવાથી ધ્યેયની સિદ્ધિ જરૂર થશે.
* આત્માનું મૂળ પકડ તો સંસારનું મૂળ આપોઆપ ચાલ્યું જશે. સંસારનું મૂળ ઉખેડવા જતાં ઊખડે નહિ, પણ આત્મામાં જતાં તે મૂળ આપોઆપ ઊખડી જશે.

## ❀ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો ❀

* આ અલ્પ આયુ અને ચંચળ કાયાને સત્‌માર્ગમાં ખપાવી દેતાં જો તને પરમ વિશુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિઃશ્રેયસની પ્રાપ્તિ થતી હોય તો તને ફૂટી કોડીના બદલામાં મહા ચિંતામણિરત્ન કરતાં પણ અધિક પ્રાપ્ત થયું છે એમ સમજ; અને તેમાં જ માનવ જીવનની સફળતા છે. (શ્રી ગુણભદ્રાચાર્ય)
* જેઓએ અંતરંગદ્રષ્ટિથી અલૌકિક સિદ્ધસ્વરૂપ તેજને જોયું નથી તે મૂર્ખ મનુષ્યોને સ્ત્રી, સુવર્ણ આદિ પદાર્થ પ્રિય લાગે છે, પરંતુ જે ભવ્ય જીવોનું હૃદય સિદ્ધોના સ્વરૂપરૂપી રસથી ભરાઈ ગયું છે તે ભવ્ય સમસ્ત સામ્રાજ્યને તણખલાં સમાન જાણે છે તથા શરીરને પર સમજે છે અને તેને ભોગ રોગ સમાન લાગે છે. (સિદ્ધસ્તુતિ)
* આત્મા કર્મોના બંધનથી સહિત હોવા છતાં પણ કર્મબંધનથી રહિત છે, તથા રાગ અને દ્વેષથી મલિન હોવા છતાં પણ તે નિર્મળ છે અને દેહધારી હોવા છતાં પણ તે દેહથી રહિત છે; તેથી આચાર્યદેવ કહે છે કે આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે. (શ્રી પદ્મનંદિઆચાર્ય)
* જો કે કર્મરૂપી કીચડ અત્યંત નિર્મળ એવા મારા આત્માને ખૂબ મલિન કરે છે તોપણ મને કોઈ ભય નથી; કારણકે નિશ્ચયથી સ્વ-પરનું ભેદજ્ઞાન કરનાર જ્ઞાનરૂપી કતકફળ મારી પાસે મૌજુદ છે. (શ્રી પદ્મનંદિઆચાર્ય)
* ચિંતામણિરત્ન ચિંતિત પદાર્થોનું અને કલ્પવૃક્ષ કલ્પેલા પદાર્થોનું પ્રદાન કરે છે; પરંતુ શુદ્ધ આત્માના ધ્યાનથી અચિંતિત અને અસંકલ્પિત પદાર્થની પ્રાપ્તિ થાય છે. (અમિતગતિઆચાર્ય)
* પોતાના આત્માના ઉદ્ધારની ચિંતા કરવી તે ઉત્તમ ચિંતા છે, શુભરાગના વશે બીજા જીવોનું ભલું કરવાની ચિંતા કરવી તે મધ્યમ ચિંતા છે, કામભોગની ચિંતા કરવી તે અધમ ચિંતા છે અને બીજાનું અહિત કરવાનો વિચાર કરવો તે અધમથી અધમ ચિંતા છે. (પરમાનંદ સ્ત્રોત)
* આ સંસારી પ્રાણી જેટલો પરિશ્રમ ધનાદિને માટે કરે છે તેટલો જો મોક્ષ માટે કરે તો અનંત સુખને પામે. (અમિતગતિઆચાર્ય)
* જ્યારે કોઈ સાધુ મહાત્મા પુરુષના હૃદયમાંથી મોક્ષની પણ ઇચ્છા નાશ થાય છે ત્યારે તેને મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે. આ સિદ્ધાંતવાક્ય ઉપર ધ્યાન આપીને આત્મહિતના ઇચ્છુક જીવોએ બધા પદાર્થોની ઇચ્છાનો ત્યાગ કરવો જોઈએ. (સ્વરૂપસંબોધન)

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પોષ
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૦૦૦